P.07

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૫૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૧૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 152 • Dt. 10-01-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




તમને 'ઇમરજન્સી' ગમશે... કંગના રનૌતે પ્રિયંકા ગાંધીને ફિલ્મ જોવાની ઓફર કરી



સલમાન ખાનની સુરક્ષા વધી, ગેલેક્સીની બાલ્કનીમાં લગાવાયા બુલેટપ્રૂફ કાચ

રાજસ્થાનના પ્રસિદ્ધ સાવલિયા શેઠની તિજોરી ખુલી । પૈસાનું પૂર




07

10
JANUARY- 2025
FRIDAY



07

૬૭ પાકિસ્તાનીઓની સુરક્ષા માટે ૬૮૦ ભારતીય સૈનિક તૈનાત કરાયા



















લોક પત્રિકા સીટી ઑફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## સાગર પટેલે કાજલ મહેરિયા પર ગંભીર આરોપો લગાવ્યા

# કાજલ મહેરિયાએ માં ઉમિયા માતા પર અભદ્ર ટિપ્પણી કરી હતી, જેને લઇને હવે વિવાદ વકર્યો છે : સાગર પટેલ

**લોક ગાયક સાગર પટેલે સોશ્યલ મીડિયા પોસ્ટમાં કાજલ મહેરિયા પર સનસનીખેજ આરોપો લગાવ્યા છે**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૯ ।

ગુજરાતની જાણીતી સિંગર કાજલ મહેરિયા અને યુવા સિંગર સાગર પટેલ વચ્ચે વિવાદ થયો છે. જેમાં સાગર પટેલે કાજલ મહેરિયા પર ગંભીર આરોપો લગાવ્યા છે. દ્વારકાના કાર્યક્રમમાં બનેલી એક ઘટનાને લઈને સાગર પટેલે કાજલ મહેરિયા પર ગંભીર આરોપો લગાવ્યા છે. સાગર પટેલના આરોપ છે કે કાજલ મહેરિયાએ માં ઉમિયા માતા પર અભદ્ર ટિપ્પણી કરી હતી, જેને લઈને હવે વિવાદ વકર્યો છે. યુવા સિંગર સાગર પટેલે ઉત્તર ગુજરાતની કોયલ ગણાતી કાજલ મહેરિયા પર ગંભીર આરોપ લગાવતા જણાવ્યું છે કે કાજલ મહેરિયાએ માં ઉમિયા માતા પર અભદ્ર ટિપ્પણી કરી છે. કાજલ મહેરિયાએ દ્વારકાના કાર્યક્રમમાં અભદ્ર ટિપ્પણી કરી છે.



કાજલ મહેરિયાએ માં ઉમિયા માતા પર અભદ્ર ટિપ્પણી કર્યાનો આરોપ લાગ્યો છે.લોક ગાયક સાગર પટેલે સોશ્યલ મીડિયા પૉસ્ટમાં કાજલ મહેરિયા પર સનસનીખેજ આરોપ ો લગાવ્યા છે, કાજલ મહેરિયાએ માં ઉમિયા માતા પર અભદ્ર ટિપ્પ ણી કર્યાનો આરોપ આ પૉસ્ટમાં લગાવવામાં આવ્યો છે, કાજલ મહેરિયાએ દ્વારકાના કાર્યક્રમમાં આ અભદ્ર ટિપ્પણી કરી હોવાની વાત કહેવામાં આવી છે. ગુજરાતના બે લોકગાયકોના ઝઘડાને લઈને હવે વિવાદ વધુ વકર્યો છે.નોંધનીય છે કે ઉત્તર ગુજરાતની કોયલ ગણાતી કાજલ મહેરિયા હંમેશા તેના ગીતોને લઈને ચર્ચામાં રહે છે. પરંતુ આ વખતે એક વિવાદને કારણે ચર્ચામાં આવી છે. લોકગાયિકા કાજલ મહેરિયા અગાઉ પણ વિવાદમાં આવી ચૂકી છે. કોરોના કાળમાં લોકોની ભીડ જમાવીને નિયમોનો ભંગ કરવા બદલ વિવાદ પેદા કરી ચૂકી છે. ૨૯ નવેમ્બર ૨૦૨૦ની રાત્રે કાજલ મહેરિયાએ ડીજેના તાલે ગીતો ગાયા હતા. મોટી સંખ્યામાં લોકોની ભીડ સર્જાતાં જાહેરનામાનું ઉલ્લંઘન થયું હતું. આ અંગેનો વીડિયો ઉતારી વાયરલ કરાયો હતો. પોલીસે લગ્ન આયોજક વરરાજાના પિતા અને કાજલ મહેરીયા સામે ગુન્હો નોંધ્યો હતો. આ ગુનામાં કાજલ મહેરીયા જામીન સાથે થરાદ પોલીસ મથકે હાજર થઈ જામીન પર મુક્તિ મેળવી હતી.વર્ષ ૨૦૨૦ માં સપ્ટેમ્બર મહિનામાં કાજલ મહેરિયા પર આંતરિક ઝઘડામાં હુમલો થયો હતો. મોઢેરામાં બનેલા આ બનાવમાં કાજલ મહેરિયાને લાફો ઝીંકાયો હતો. કાજલ મહેરિયા ઈવેન્ટ ઓર્ગેનાઈઝર બાબખાનના ઘરે સામાજિક કામ અર્થે ગયા હતા. ત્યારે ઈવેન્ટ ઓર્ગેનાઈઝરના ઘરે ગયેલી સિંગર પર બાબા ખાનના વિરોધીઓએ હુમલો કર્યો છે. ત્યારે આ ઘટનાથી ચકચાર મચી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે, મૂળ વીસનગરની કાજલ મહેરિયાનો જન્મ એક ખેડૂત પરિવારમાં થયો છે. કાજલ મહેરિયાના અનેક ગીતો પ્રખ્યાત છે. જેમાં નવા ગીતો, લોકગીતો, ભજન, લગ્ન ગીતો, રાસ ગરબા વગેરે સામેલ છે. તે સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે. સોશિયલ મીડિયા પર તેના અનેક ફોલોવર્સ છે.

## સુરતમાં સચીન જીઆઇડીસીમાં પતંગ ચગાવતા બાળકનું મોત નિપજ્યું

। પ્રતિનિધિ, સુરત, તા.૯ ।

સુરતમાં વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. સચીન જીઆઈડીસીમાં પતંગ ચગાવતા બાળકનું કરંટ લાગતા મોત નિપજ્યું છે. હાઈટેન્શન લાઈનમાં પતંગની દોરી દાઝી જતા ૧૩ વર્ષના પ્રિન્સને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન મોત થતાં પ ોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પરિવારમાં શોક છવાયો છે.સુરતમાં સચીન જીઆઈડીસીમાં પતંગ ચગાવતા બાળકનું મોત નિપ જ્યું છે. માહિતી મુજબ બન્યું એમ કે, ક્રિષ્નાનગરમાં ૧૩ વર્ષનો કિશોર પ્રિન્સ ધાબા પર પતંગ ચગાવતો હતો. દરમિયાન હાઈટેન્શનમાં પતંગની દોરી લાગી જતાં અચાનક ધડાકો થયો હતો. દરમિયાન પ્રિન્સ ગંભીર રીતે દાઝી ગયો હતો. નજીકના લોકોએ પ્રિન્સને ગંભીર હાલતમાં જોતાં પ રિવારને જાણ કરી હતી.પરિવારના લોકો તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે, ટૂંકી સારવાર દરમિયાન બાળકનું મોત નિપજતાં માતાપિતા ચોધાર આંસુએ રડતા જોવા મળ્યાં છે.

## અમદાવાદમાં રેપીડો, ઓલા, ઉબેર બાઇક ટેક્સી ઉપર પ્રતિબંધ!

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૯ ।

અમદાવાદ શહેરમાં રેપીડો, ઓલા અને ઉબેર જેવી બાઈક ટેક્સી સેવાઓ પર પ્રતિબંધ ફરમાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ આરટીઓને મળેલી ફરિયાદો અને રીક્ષા ચાલકોની માંગણીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી એક મહિના સુધી આ એપ્લિકેશન દ્વારા ચાલતી બાઈક ટેક્સી સેવા બંધ રહેશે.આ ત્રણેય કંપ નીઓ પાસે થ્રી વ્હીલર ચલાવવા માટે આરટીઓનું એગ્રીગેટર લાયસન્સ હોવા છતાં, ટુ-વ્હીલર ચલાવવા માટેનું લાયસન્સ કોઈપણ કંપની પાસે નથી. આથી મોટર વાહન કાયદાના ભંગ બદલ આ ત્રણેય કંપનીઓને નોટિસ ફટકારવામાં આવી છે.જો આ કંપનીઓ કાયદા અને નિયમોનું પાલન કરશે તો જ આ પ્રતિબંધ હટાવવાની શક્યતા છે. નહીંતર, આ પ્રતિબંધ હટાવવામાં આવશે નહીં. આ નિર્ણયથી શહેરમાં ટુ-વ્હીલર ટેક્સી સેવા પર નિયંત્રણ આવશે અને રીક્ષા ચાલકોને રાહત મળશે તેવી આશા છે.

## સુરતના સરથાણામાં પત્ની-પુત્રની હત્યા કરનાર પોલીસના ૧ દિવસના રિમાન્ડ પર

। પ્રતિનિધિ, સુરત, તા.૯ ।

સુરતના સરથાણામાં નિર્દયતાથી પત્ની-પુત્રની હત્યા કર્યા બાદ બે વખત આત્મહત્યા કરવાનો પ્રયાસ કરનાર સ્મિત જીયાણીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. સરથાણા પોલીસે હત્યારાને સાથે રાખી ઘટનાનું રિકન્સટ્રક્શન કર્યુ છે.સુરતમાં સરથાણામાં સામુહિક હત્યાના બનાવથી ચકચાર મચી ગઈ હતી. સરથાણા વિસ્તારમાં સૂર્યા ટાવરમાં રહેતા યુવાને પરિવારની સામુહિક હત્યાનો પ્રયાસ કર્યો હતો. જેમાં પત્ની-પુત્રના મોત નિપજ્યા હતા અને માતા પિતા પર જીવલેણ હુમલો કર્યો હતો.ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ શહેરના સરથાણામાં આવેલ સૂર્યા ટાવરમાં સ્મિત જિયાણી નામનો યુવાન પોતાના પરિવાર સાથે રહે છે. ગત રોજ સ્મિત નામના યુવાને અચાનક પોતાના પરિવાર પર ઘાતકી હુમલો કર્યો. યુવાને પહેલા પત્ની અને માસૂમ બાળક તેમજ પોતાના માતા-પિતાને પણ ચપ્પુ મારી ઘાયલ કર્યા. પરિવારને ઘાતકી રીતે ઘાયલ કર્યા બાદ સ્મિત નામના યુવાને પોતે પણ ગળાના ભાગે ચપ્પુ મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ સામૂહિક હત્યાના પ્રયાસમાં યુવાનની પત્ની અને બાળકનું મોત નિપજયું હતું. જ્યારે ઘાયલ યુવાન અને તેના માતા-પિતા હાલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

## કૌભાંડમાં તપાસ કરતા કુલ ૪૫૨ કરોડ રૂપિયાના હિસાબો મળ્યાં

# બીઝેડ કૌભાંડ મામલે ગુજરાત પોલીસ દ્વારા ૧૧,૨૫૨ પીડિતોને રૂપિયા પરત અપાવશે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૯ ।

રાજ્યમાં કરોડો રૂપિયાની ઠગાઈ કરનારા કૌભાંડી ભુપેન્દ્રસિંહ ઝાલા અંગે સીઆઈડીના ઈન્ચાર્જ ડીઆઈજી પ રીક્ષિતા રાઠોડએ પીડિતોના રૂપિયા પરત કરવા સખ્ત કાર્યવાહી કરશે તેમ જણાવ્યું હતું.હાલ બીઝેડ કૌભાંડમાં તપાસ કરતા કુલ ૪૫૨ કરોડ રૂપિયાના હિસાબો મળ્યાં છે. મળતી માહિતી મુજબ એક અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, ૬૦૦૦ કરોડ સુધીનું કૌભાંડ કરવામાં આવ્યું છે, જેથી તપાસના આધારે ૪૫૨ કરોડની રિકવરી થઈ છે. ભુપેન્દ્રસિંહ ઝાલાએ જપ્ત કરેલી મિલકતો, રૂપિયા પીડિતોને પરત આપવા કોર્ટ નિર્ણય લેશે.ડીઆઇજીએ જણાવ્યું કે ઝાલાને જૂનાગઢથી ઝડપ્યો હતો.




કોને ત્યાં સંતાયો હતો, કયા કયા લોકો સંડોવાયા છે તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. અત્યારે પ ોલીસને તપાસ દરમિયાન ભૂપેન્દ્રસિંહ ઝાલા પાસેથી મળેલા ચોપડાના આધારે ૧૧,૨૫૨ લોકો ભોગ બન્યા છે. જે તે ચોપડાની તપાસ કરવામાં આવી રહી છે. જો અન્ય લોકો પણ સામેલ હશે તો તેમના વિરૂદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે. ડીઆઈજી પરીક્ષિતા રાઠોડે પીડિતોને આશ્વાસન આપતા કહ્યું કે, ગુજરાત પ ોલીસ ૧૫ દિવસમાં જ કોર્ટ સમક્ષ ભોગ બનનારને જલ્દીથી નાણા મળી જાય તેવી અરજી કરીશું. અદાલતના નિર્ણય બાદ મેજીસ્ટ્રેટ કચેરીથી પૈસા પરત અપ ાવવામાં મદદ કરીશું.

## નાણા ધીરનાર વેપારી લૂંટાયો, પાલનપુર ઈદગાહ રોડ પર ૨.૫૦ લાખની લૂંટ

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૯ ।

બનાસકાંઠા જીલ્લામાં પ ાલનપુરના ઈદગાહ રોડ પર રૂપિ યા ૨.૫૦ લાખની લૂંટ મચવા પામતા ભયનો માહોલ સર્જાયો છે. પાલનપુર પૂર્વ પોલીસે સમગ્ર ઘટના અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.બનાસકાંઠા જીલ્લામાં પાલનપુરમાં ઈદગાહ રોડ પર આવેલા નાણા ધીરનારના વેપારી સાથે લાખોની લૂંટ મચી હતી. પ ોતાના ઘરની પાસે વાહન પાર્ક કરતા અજાણ્યા ઈસમો રોકડ અને દાગીનાનો થેલો હાથમાંથી ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. માહિતી પ્રમાણે થેલામાં ૨.૫૦ લાખ રોકડ, સોના-ચાંદીના દાગીના હોવાનું સામે આવ્યું છે. ભયભીત થયેલા વેપારીએ પાલનપુર પ ૂર્વ પોલીસમાં સમગ્ર ઘટનાને લઈને તપાસ હાથ ધરી છે.હાલ સીસીટીવી કેમેરાના આધારે પ ાલનપુર પોલીસ ઈસમોને શોધી રહી છે. વેપારી પાસે ઘટનાનું નિવેદન લેવામાં આવ્યું છે. આરોપીઓને શોધવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## વડોદરામાં વિદ્યાર્થીની સ્કૂલ બેગમાં વિદેશી દારૂની બોટલ લઈને આવતા હોબાળો

। પ્રતિનિધિ, વડોદરા,તા.૯ ।

વડોદરાની અંબે વિદ્યાલયમાં એક વિદ્યાર્થીનીએ પોતાની સ્કૂલ બેગમાં વિદેશી દારૂની બોટલ લઈને હોબાળો મચાવ્યો હતો. જ્યારે અન્ય વિદ્યાર્થીઓએ તેમના વાલીઓને આ વાતની જાણ કરી ત્યારે રોષ ફેલાઈ ગયો.અહેવાલો અનુસાર, આ ઘટના ૬ જાન્યુઆરીના રોજ બપોરે અંબે વિદ્યાલયના વર્ગખંડમાં બની હતી. જેમાં એક દીકરાએ ક્લાસમાં ભણતી એક વિદ્યાર્થીની સ્કૂલ બેગમાં વ્હિસ્કી લઈને આવી હતી અને તે અન્ય ત્રણ વિદ્યાર્થીઓ હવામાં ઉછાળી રહ્યા હતા. બ્રેકનો સમય હોવાથી શિક્ષક કે અન્ય વિદ્યાર્થીઓ હાજર નહોતા. પરંતુ વિદ્યાર્થી અચાનક આવી જતાં બોટલ સ્કૂલ બેગમાં મૂકી દીધી હતી.આ મામલો શાળા પ્રશાસનના ધ્યાનમાં આવ્યા પછી જે વિદ્યાર્થીનીએ તેની સ્કૂલ બેગમાં બોટલ લાવી હતી તેને પરીક્ષા સુધી શાળાએ ન આવવાનું કહેવામાં આવ્યું છે.



અમદાવાદ શહેર પોલીસ કમિશનરે વહીવટદારો પર ગાળિયો કસ્યો

# અમદાવાદના પોલીસ કમિશનરનો સપાટો : ૧૯ વહાવટદારોની “કે કંપનીમાં” બદલી

**શહેરમાં ગેરકાયદેસર પ્રવૃતિને પ્રોત્સાહન આપવા બદલ પોલીસ કમિશનરે બદલી કરી હોવાની વાત સૂત્રો તરફથી મળી**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૯ ।

અમદાવાદ શહેર પોલીસ કમિશનરે વહીવટદારો પર ગાળિયો કસ્યો છે. જેમાં અમદાવાદ શહેર પોલીસમાં ફરજ બજાવતા ૧૯ પોલીસ કોન્સ્ટેબલો અને ત્રણ પીએસઆઈની કે કંપનીમાં સજાના ભાગરૂપે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે બદલી કરી છે,અમદાવાદ શહેર પોલીસ કમિશનરે અગાઉ પણ ૧૩ પોલીસ કોન્સ્ટેબલોની બદલી કરી હતી,શહેરમાં ગેરકાયદેસર પ્રવૃતિને પ્રોત્સાહન આપવા બદલ પોલીસ કમિશનરે બદલી કરી હોવાની વાત સૂત્રો તરફથી મળી રહી છે.તાજેતરમાં પીસીબી દ્વારા વિવિધ વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ઉપર રેડ કરવામાં આવી હતી.



તેમજ તાજેતરમાં બાપુનગર અને રખિયાલ વિસ્તારમાં બનેલ બનાવની ગંભીર નોંધ લેવામાં આવી હતી.પોલીસ કમિશનર દ્વારા તેવા વિસ્તારના પોલીસ કર્મચારીઓ અને પીએસઆઈની કે કંપનીમાં બદલી કરવામાં આવી છે,પીસીબી દ્વારા ચાંદખેડા, સાબરમતી, બાપુનગર, ઈસનપુર, સોલા, સરખેજ, નારોલમાં દેશી અને અંગ્રેજી દારૂના અડ્ડા પર રેડ કરવામાં આવી હતી.જયારે પણ વહીવટદારોની અથવા કોઈ પોલીસકર્મીને સજાના ભાગરૂપે બદલી કરવામાં આવે છે ત્યારે તેમની બદલી જે તે જિલ્લાની બહાર કરવામાં આવતી હોય છે.

અમદાવાદ પોલીસમાં પણ હજી તમામ પોલીસ સ્ટેશનોના વહીવટદારોની બદલી કરવામાં આવી નથી,જે મોટા વહીવટદારો છે કે જેઓ બે થી ત્રણ પોલીસ સ્ટેશનોનો વહીવટ કરતા હતા તેમની જ બદલી કરવામાં આવી છે,પરંતુ એક પોલીસ સ્ટેશનનો વહીવટ કરતા વહીવટદાર તો હજી મોજમાં જ જીવી રહ્યાં છે,તેમની બદલી કરવામાં આવી નથી.મોટા આઈપીએસોની સેવા કરવા માટે નાના કોન્સ્ટેબલો તત્પર હોય છે અને તેઓ વહીવટ કરતા હોય છે અને તેમને રાજી રાખતા હોય છે.

અમદાવાદ પોલીસમાં પણ એવો ગણગણાટ શરૂ થયો છે કે,જો ગાંધીનગરથી વહીવટદારોની બદલી કરવામાં આવતી હોય તો જિલ્લાભરમાં તો ઘણા વહીવટદારો છે તેમની બદલી કેમ કરવામાં આવતી નથી,શું પોલીસના ઉચ્ચ અધિકારીઓ આવા વહીવટદારની બદલી કરશે ? જો જિલ્લાભરના વહીવટદારોની બદલી કરવામાં આવે તો પોલીસબેડામાં ઘણા મોટા ફેરફાર એમનેમ થઈ જાય અને ભ્રષ્ટ્રાચાર પર કાબુ આવી જાય.માત્ર પોલીસ ખાતુ ભ્રષ્ટ્રાચાર કરે છે એવું નથી,ઘણા ખાતા એવા છે જેમાં ઘણા ખાનગી માણસો પણ વહીવટ કરતા હોય છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનરે વહીવટદારો પર ગાળિયો કસ્યો છે.

---

૨૦૧૪થી ચાઈનીઝ લસણના વેચાણ પર પ્રતિબંધ છે

# ગુજરાતમાંથી ૧૦ લાખ રૂપિયાની કિંમતનું ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણ જપ્ત કરાયું

। પ્રતિનિધિ, સુરત,તા.૯ ।

સુરત એપીએમસીમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ લસણ જપ્ત કરાયું છે. ૧૦ લાખ રૂપિયાની કિંમતનું ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણ જપ્ત કરાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તમને જણાવી દઈએ કે દેશમાં ચાઈનીઝ લસણના વેચાણ પર પ્રતિબંધ છે. ત્યારે સુરત એપીએમસીએ ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણનો નાશ કર્યો છે.૨૦૧૪થી ચાઈનીઝ લસણના વેચાણ પર પ્રતિબંધ છે. ચાઈનીઝ લસણનું કદ નાનું, રંગ આછો સફેદ અથવા આછો પિંક કલર હોય છે. ત્યારે સુરત એપીએમસીએ ૨૧૫૦ કિલો ચાઈનીઝ લસણનો નાશ કરી દીધો છે.સુરત એપીએમસીમાં વેચાણ અર્થે મૂકવામાં આવેલા લસણ પર એપીએમસીના સ્ટાફને શંકા જતાં તેમણે તાત્કાલિક ક્રોસ વેરિફિકેશન કર્યું હતું. આ પછી આ ચાઈનીઝ લસણ હોવાની માહિતી મળતા જ લસણની ૪૩ ગુણી જપ્ત કરી લેવામાં આવી હતી. આ જપ્ત કરાયેલા લસણની અંદાજિત કિંમત રૂપિયા ૧૦ લાખ હોવાની માહિતી મળી છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પણ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાંથી ચાઈનીઝ લસણ મળી આવ્યું હતું અને ત્યારે પણ ચાઈનીઝ લસણનો મુદ્દો ઘણો ઉછાળ્યો હતો.ચાઈનીઝ લસણ આરોગ્ય માટે ખુબ જ હાનિકારક છે. આ લસણ કેટલું જોખમી છે તેની વાત કરીએ તો, .આપણા સામાન્ય લસણ જેવું જ દેખાતું આ ચાઈનીઝ લસણ આરોગવાથી કેન્સર થાય છે. ખાવા માટે બિન આરોગ્યપ્રદ આ લસણ પર ભારતમાં ૨૦૦૬માં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ચાઈનીઝ લસણમાં ફૂગની સંભાવના વધુ હોય છે. ચાઈનીઝ લસણમાં જંતુનાશકોનું પ્રમાણ પણ વધુ હોય છે.

અગાઉ નેપાળ અને બાંગ્લાદેશ થઈને ચાઈનીઝ લસણ આવતું હતુ. બિહાર, ઉત્તર પ્રદેશ અને પૂર્વોત્તર રાજ્યોમાં પણ આવી ઘટના સામે આવી છે. ભારતીય લસણ કરતા ચાઈનીઝ લસણ સસ્તુ હોય છે.તમારા રસોડામાં એકવાર લસણ જઈને ચેક કરો. તમારા રસોડામાં ક્યાંક નકલી લસણ તો નથીને? માર્કેટમાં બેરોકટોક ચાઈનીઝ લસણ આવી ગયું છે. લસણના ફોતરા ઉખાડશો તો દૂધનું દૂધ પાણીનું પાણી થઈ જશે. લોકો હવે શું ખાય બધીજ જગ્યાએ નકલીનો સામ્રાજ્ય ફરી વળ્યું છે. આજના યુગમાં શુદ્ધ ખોરાક પણ શંકાના દાયરામાં છે. હવે તો કોઈ પણ વસ્તુ ખાતા પહેલાં ડર લાગી રહ્યો છે.

# છલકપટથી પત્નીને પિયરીયા ઘરે લઇ જતા પતિએ જીવન ટૂંકાવ્યું!

। માહિતી બ્યુરો, સુરત,તા.૯ ।

પાંડેસરાના મહાદેવનગરમાં બે મહિના પહેલા પ્રેમ લગ્ન બાદ બીમાર પિતા સાથે રાજસ્થાન ચાલી ગયેલી પત્ની પરત ન આવતા યુવકે ફાંસો ખાય મોતને વ્હાલું કરી લીધું છે.પરિવારજનોએ જણાવ્યું હતું કે યુવકની પત્નીને છળ કપટથી રાજસ્થાન લઈ જઈ જવામાં આવી છે અને પરત ન મોકલતા યુવકે આપઘાત કરી લીધો છે. યુવતીને મામાએ પણ ધમકી આપ્યા બાદ યુવકે આપઘાત કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. આ સાથે જ યુવકની પત્ની પરત ન આવે ત્યાં સુધી બોડી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલા મહાદેવ નગરમાં ૨૫ વર્ષીય દશરથ રાજુભાઈ રાઠોડ પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા-પિતા અને એક બહેન છે. એક ભાઈ હતો જેનું અવસાન થઈ ચૂક્યું છે. દશરથ જરીના કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાત ચલાવી રહ્યો હતો. દશરથ નજીકમાં જ રહેતી કોમલ નામની યુવતીને પ્રેમ કરતો હતો જેથી તેના સાતમી નવેમ્બરના રોજ પ્રેમ લગ્ન કરવામાં આવ્યા હતા. દશરથની પિતરાઈ બહેન ભારતીએ જણાવ્યું હતું કે, દશરથના ૭ મી નવેમબર ૨૦૨૪ ના રોજ પ્રેમ લગ્ન થયા હતા. જોકે લગ્ન ન થોડા સમય બાદ કોમલના પિતાની તબિયત બગડતા પરિવારે કોમલને ફોન કરીને બોલાવી લીધી હતી. બે દિવસ કોમલને હોસ્પિટલમાં રાખ્યા બાદ એક દિવસ માટે ફરી સાસરે મોકલી હતી.







## તંત્રી લેખ..

# જવાબદાર કોણ કોણ છે

દુર્ઘટનાઓથી બોધપાઠ નહી લેવાની ટેવ આખરે અમારી કેમ છુટતી નથી તે પ્રશ્ન વારવાર જ્યારે કોઇ ઘટના બને છે ત્યારે સાબિત થઇ જાય છે. ધાર્મિક સ્થળો પર ઘટના બનતી રહે છે. છતાં તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતુ નથી. અકસ્માતો થયા બાદ જ પગલા લેવામાં આવે છે. ફરી એની એજ સ્થિતી ઉભી થઇ જાય છે. વળતર આપવા માટેની જવાબદારી અદા કરીને તમામ કામ કરી દેવામાં આવે છે. કોઇ પૅણ ઘટના બને ત્યારે તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે છે. મૃતકોના પરિવારના સભ્યોને વળતર આપવામાં આવે છે. દુર્ઘટનમાં તપાસના આદેશ જારી કરવામાં આવે છે. શોક સંવેદના વ્યક્ત કરવામાં આવે છે. નેતાઓની મુલાકાત થાય છે. દરેક ઘટના બાદ દોહરાવવામાં આવતી પટકથા ફરી દોહરાવવામાં આવી છે. જે કઇ પણ બન્યુ તે જોઇને લાગતુ નથી કે ગરીબ માનવીની કોઇ કિંમત રહી ગઇ છે. હાલમાં અમરનાથમાં પણ આવી જ ઘટના બની હતી. જેમાં અનેક લોકોના મોત થયા હતા. અમરનાથ યાત્રા દર વર્ષે યોજાય છે. અહીં રૂટ પર કોઇ ઘટના ચોક્કસપણે બને છે જેથી યાત્રા રૂટને હજુ વધારે સરળ બનાવી દઇને આવી ઘટનાથી બચી શકાય છે. ભેખડો ધસી પડવા અને વરસાદથી સામાન્ય લોકોને બચાવી શકાય છે. વર્ષો પહેલા જોધપુરમાં મહેરાનગઢમાં ધાર્મિક આયોજન કરવામાં આવ્યુ હતુ. એ વખતે એકાએક મચી ગયેલી ભાગદોડની ઘટનામાં ૨૦૦થી વધારે લોકોના મોત થઇ ગયા હતા. ત્યારબાદ આ ઘટનામાં તપાસ કરવામાં આવી હતી. તપાસ વર્ષો સુધી ચાલી હતી. આખરે આ ભાગદોડની ઘટના બની કેમ તે અંગે વર્ષોની તપાસ બાદ પણ કોઇ વિગત સપાટી પર આવી ન હતી. મહેરાનગઢ જ કેમ ? ૨૦૦૮માં હિમાચલપ્રદેશમાં નૈના દેવી મંદિરમાં પણ ભાગદોડની મોટી ઘટના બની ગઇ હતી. જેમાં ૧૪૪ લોકોના મોત થઇ ગયા હતા. શુ આવી ઘટનાઓને રોકવા માટે પુરતી વ્યવસ્થા કરવી જોઇએ નહીં. જે આયોજનમાં સેંકડો લોકો પહોંચે છે તે આયોજનમાં તમામ જરૂરી સુરક્ષા પાસા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જો કે કમનસીબ રીતે આ બાબતો તરફ સંબંધિત વહીવટી તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતુ નથી. સુરક્ષા પાસામાં બાંધછોડ કરીને મંજુરી કેમ આપવામાં આવે છે તે પ્રશ્ન તમામને સતાવે છે. પ્રશ્ન ગંભીર છે પરંતુ તેની ગંભીરતાને સમજી શકે તેવા લોકો દેખાતા નથી. દુર્ઘટનાઓ બાદ વર્ષો સુધી તપાસ ચાલે છે પરંતુ કોઇની જવાબદારી નક્કી કરવામાં આવતી નથી. મૃતકોના પરિવારના સભ્યો વર્ષો સુધી ન્યાય મેળવી લેવાની આશામાં જુબાની આપતા રહે છે. પુરાવા એકત્રિત કરતા રહે છે. સરકારોના કામ લાગે છે કે હવે માત્ર અનુદાન આપવા અને બેરોજગારી ભથ્થા આપવા સુધી મર્યાદિત રહી ગયા છે. ખેડુતોની લોન માફીના નામ પર વોટ મેળવી લેવા અને રાજકીય ઉથલપાથલને જ નેતાઓ સરકાર તરીકે ગણે છે. સરકારી તંત્ર જ આવુ બની ગયુ છે જેમાં તમામ બાબતો રામ ભરોસે ચાલતી નજરે પડે છે. પાંચ લાખ રૂપિયાનુ વળતર ચુકવી કોઇ પરિવારના ચહેરા પર ખુશી લાવી શકાય નહી. જસોલમાં બનેલી ઘટનામાં તપાસનો આદેશ કરીને રસમ તો પૂર્ણ થઇ ગઇ છે પરંતુ દુર્ઘટના માટે જવાબદાર લોકોને પણ કોઇ દિવસે સજા થઇ શકશે કે કેમ તે પ્રશ્ન તમામને સતાવે છે.

# પ્રી મેચ્યોર શિશુની સારી જાળવણી

હાલમાં જ જારી કરવામાં આવેલા એક આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે દર વર્ષે દેશમાં આશરે ૭.૫ લાખ નવજાત શિશુના મોત થઇ જાય છે. આમાંથી આશરે ૩૫ ટકા શિશુના મોત સમય કરતા પહેલા જન્મ અથવા તો જન્મના સમય ઓચા વજનના કારણે જ થઇ જાય છે. મોટા ભાગના મામલામાં પ્રી-મેચ્યોર ડિલીવરીના કારણે નવજાત શિશુમાં મૃત્યુ દરનો આંકડો વધી જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે કંગારુ મધર પ્રક્રિયા હાલમાં લોકપ્રિય થઇ રહી છે. ધીમે ધીમે આ પ્રક્રિયાની બોલબાલા વધવાની સાથે સાથે તેની લોકપ્રિયતા વધી છે. જાણકાર તબીબો કહે છે કે કોઇ પણ શિશુના પ્રી મેચ્યોર ડિલિવરી થાય છે તો કંગારુ મધર કેર હેઠળ માતા અને શિશુ વચ્ચે માત્ર સ્કીનનો સંપર્ક રાખવામાં આવે છે. કંગારુ મધર કેર પ્રક્રિયા શુ છે તે અંગે વાત કરવામાં આવે તો સ્થિતી વધારે સ્પષ્ટ થઇ જાય છે. આ પ્રક્રિયા હેઠળ એક ખાસ પ્રકારની સ્થિતી નિર્માણ પામે છે. જ્યારે કોઇ શિશુની પ્રી મેચ્યોર ડિલીવરી થાય છે ત્યારે કંગારુ મધર કેર હેઠળ ખાસ સંપર્ક રાખવામાં આવે છે. સ્કીન સંપર્ક રાખવામાં આવે છે. આ ગાળા દરમિયાન શિશુને ડાયપર અને ટોપી તેમજ મોજા પહેરાવવામાં આવે છે. સાથે સાથે મહિલાને આગળતી ખુલ્લા ગાઉન પહેરાવીને તેમની છાતી પર શિશુને સુવડાવી દેવામાં આવે છે. હાઇપોથર્મિયાથી બચવા માટે માતાના ગાઉનમાં બાળકોને ઢાકી દેવામાં આવે છે. શરૂઆતમાં ઓછામાં ઓછા એક કલાક સુધી આ પ્રયોગ કરવામાં આવે છે. ધીમે ધીમે તેનો સમય ગાળો વધારી દેવામાં આવે છે. આ જ પોઝિશનમાં માતા પોતાના શિશુને સ્તનપાન પણ કરાવી શકે છે. જેથી શિશુનો યોગ્ય વિકાસ થઇ શકે છે. આ ટેકનોલોજી નવજાત શિશુ માટે વધારે સારા વિકાસ માટેનો માર્ગ મોકળો કરે છે. આના કારણે માતા અને શિશુ બંનેને ફાયદો થાય છે. આ વિધીથી સ્કીનનો સંપર્ક શિશુને શાંત રહેવા અને શિશુને સંભાળવા માટે માતાના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. એક અભ્યાસમાં દાવો કરવામાં આવી ચુક્યો છે કે જે માતા દ્વારા થોડાક સમય માટે પણ શિશુની સાથે કંગારુ મધર કેરની પ્રક્રિયા અપનાવી છે તેમના બાળકોને સારી ઉંઘ આવે છે. સાથે સાથે માતાને પણ ટેન્શન જેવી તકલીફ હોતી નથી. સમય કરતા પહેલા જન્મ લઇ ચુકેલા શિશુના ફેફસા યોગ્ય રીતે વિકસિત થતા નથી. પરંતુ આ પ્રક્રિયા મારફતે તેમનામાં ઓક્સિજન સંચાર થાય છે. નિષ્ણાંતોની વાત માનવામાં આવે તો આ પ્રક્રિયા ધીમે ધીમે અડધા કલાકની અંદર શિશુના તાપમાનમાં સુધારો લાવે છે. આ એક નેચરલ ઈનક્યુટરની જેમ કામ કરે છે. આના કારણે માતાના હાર્મોન સક્રિય રહે છે. જેના કારણે દુધ આપુર્તિમાં વધારો થાય છે. સ્કીનથી સ્કીન સંપર્ક માતાને પણ રિલેક્સ અનુભવ કરાવે છે. સાથે સાથે લાંબા સમય બાદ ડિપ્રેશનની શંકાને પણ દુર કરે છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઇ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં મોટી સંખ્યામાં મહિલાનાં મોત થાય છે અને આના માટે મુખ્ય કારણ બેદરકારી છે.



## લોકો-કંપનીઓને હેકિંગથી બચાવવા ઇચ્છુક લોકો આગળ વધી શકે...

**મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઇબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે**

# એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે

**વર્તમાન દોરમાં ઇન્ટરનેટની મદદથી કેટલાક લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે : પ્રોફેશનલ એથિકલ હેકર બની શકાય છે**

વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિંગથી બચાવવા માટે ઈચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે. ઈન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઈબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફ્ટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઈ



પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે. સોફ્ટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફ્ટવેરને ઈન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઈનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઈથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઈટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઈટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઈટ્સમાં હેક અ, ડે, હેક ઈનધ બોક્સ, અમેઝિગ હેકિગં ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઈટ, હાર્ડ ટુ હેક ડોટ ઈન જેવા નામ લઈ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફ્ટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઈને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઈએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે. આઈપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે.

એક પ્રોફેશનલ હેકરને સોફ્ટવેરના જ્ઞાનની સાથે સાથે સોફ્ટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઈએ. સોફ્ટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઈનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફ્ટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઈનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનામાં કાલી લિક્સ એડવાન્સ્ડ છે. જેનો ઉપયોગ હેકર વધારે પ્રમાણમાં કરે છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનમાં ઉબન્તુ, મેક ઓએસ, ફેડોરા, સેન્ટ ઓએસના નામ હોય છે. એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી. હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે. સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે. આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઈએ. જો તમારી ઈચ્છા એતિકલ હેકર્સ બનવાની છે તો જ તેમાં સફળતા હાંસલ કરી શકાય છે. હેકિગંના પ્રોફેશનમાં રસ ધરવનાર વ્યક્તિને લેટેસ્ટ ટેકનોલોજી પર ધ્યાન રાખીને તે અંગે માહિતી હાંસલ કરવી પડશે.



## પોતાની સાથે કઠોરતા અપનાવીને આગળ વધવામાં આવે તે જરૂરી...

**હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઇ બાળક માટે કોઇ નવી ચીજ શિખવા માટેની હોય છે એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઇફમાં સામેલ કરી લઇશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે**

# નક્કર શિસ્ત સફળતા માટે ખુબ જરૂરી

**જો મે જીવનમાં સફળ થવા માંગો છો તોજીવનને સરળ બનાવવાની જરૂર પડશે : સરળતા-સહેજતાથી જ સફળ થઇ શકાય છે**

આધુનિક સમયમાં સફળ થવા માટે તમામ લોકો ૨૪ કલાક સુધી ભાગતા નજેર પડે છે. ગળા કાપ સ્પર્ધાના સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ તમામ પ્રયાસો કરે છે. જાણકાર નિષ્ણાંતો અને મોટી સફળતા હાંસલ કરી ચુકેલા લોકોનુ કહેવુ છે કે સરળતાથી સફળતા સુધી પહોંચી શકાય છે. પરંતુ આના માટે કેટલાક નક્કર પગલા લેવા પડશે. સાથે સાથે શિસ્તની બાબત પણ સૌથી મહત્વપૂર્ણ છે. જો જીવનમાં સફળતા મેળવવા કોઈ વ્યક્તિ ઈચ્છે છે તો તે વ્યક્તિને જીવનને સરળ બનાવી દેવુ પડશે. સરળતા અને સહેજતાથી જીવનમાં સફળ થઈ શકાય છે.

જીવન અમને તમામને આ તક આપે છે કે અમે પોતાને અજમાવીને આગળ વધીએ તથા સફળતા હાંસલ કરીએ. છતાં ખુબ ઓછા એવા લોકો છે જે સફળતા હાંસલ કરી શકે છે. હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઈ બાળક માટે કોઈ નવી ચીજ શિખવા માટેની હોય છે. એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઈફમાં સામેલ કરી લઈશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે. આના કારણે કોઈ પણ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકાય છે. સફળતા અમારી જિન્દગીના મહત્વપૂરણ હિસ્સા તરીકે રહી શકે છે. સરળ રસ્તાથી માત્ર મંજિલ મળી શકે છે પોતાની ઓળખ મળી શકી નથી. જો અમે પોતાને સરળ રસ્તા પર ચાલવાની ટેવ પાડી ચુક્યા છીએ તો આ



બાબત તો નક્કી છે કે સફળતા આડે સૌથી મોટી સમસ્યા અમે પોતે છીએ. આના માટે અમને કેટલાક નિયમો તો ચોક્કસપણે બનાવવા જ પડશે. જેમ કે સવારે વહેલી તકે ઉઠી જવાની બાબત ખુબ જ જરૂરી છે. રોજ શારરિક કસરત અને ધ્યાન કરવાની બાબત પણ જરૂરી બની છે. દરરોજ વાંચન, નક્કી કરવામાં આવેલા કામને નક્કી સમયમાં પૂર્ણ કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે. સમય મુજબ તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ તમામ નિયમો દેખાવવામાં નાના લાગે છે પરંતુ મોટા ભાગના લોકો તો આ ટેવને પાડવામાં પણ સફળ રહેતા નથી. જો અમે પોતાને જ ઓળખવા માંગીએ છીએ તો પોતાને નવા નવા પડકારો આપવા પડશે. આવી સ્થિતીમાં જરૂરી કસોટી થઈ શકે છે.જાણકાર લોકો કહે છે કે વિચાર મોટા રાખવામાં આવે અને કામ નાના પાયે કરવામાં આવે તે પણ જરૂરી છે. સતત કામ કરતા રહેવાથી સફળતા મળે છે. કોઈ પણ લક્ષ્યને હાંસલ કરવા માટે આ નિયમ અતિ જરૂરી છે.

અમે તમામ લોકો પોતાના નવા કામ અથવા તો કેટલાક ખાસ કરવાની વાત કરીએ છીએ. તેના પર કામ કરવાની શરૂઆત પણ કરી દઈએ છીએ. જો કે આ કામમાં આગળ વધ્યા બાદ સતત કામ જારી રાખી શકતા નથી. કારણ એ છે કે કેટલાક સમય બાદ અમારા વિચાર બદલાઈ જાય છે અથવા તો શરૂઆતમાં ઈચ્છિત પરિણામ હાંસલ થતા નથી. યોગ્ય સમય અને વાતાવરણ પણ કેટલાક કેસમાં અનુકુળ નથી. દુનિયામાં પોતાની મોટી વિચારધારાની દિશામાં કામ કરનાર લોકો ખુબ ઓછા રહ્યા છે. આ જ કારણ છે કે શ્રેષ્ઠ અને સફળ લોકોની સંખ્યા પણ ઓછી રહે છે. એક સારી શરૂઆતનો અર્થ એ નથી કે તમે સફળ થઈ ગયા. આવી જ રીતે એક ખરાબ શરૂઆતનો અર્થ પણ એ નથી કે તમે ફ્લોપ અથવા તો નિષ્ફળ થઈ ગયા છો. અમે વારંવાર અને સતત જોતા રહીએ છીએ કે એક માસુમ બાળક કેટલાક નવા કામ કરતી વેળા સતત પ્રયાસ કરે છે. પરિણામ સારા આવતા નથી અને તે સફળ રહેતો નથી પરંતુ તે સતત પ્રયાસ કરતો રહે છે. તે રોકાઈ જતો નથી. સફળતાની સાથે સાથે ખુશ રહેવા માટે સૌથી જરૂરી છે કે અમે દરેક સ્થિતીમાં સહેજ રહીએ. પરિણામ કેવા પણ મળે છતાં સહેજ રહેવામાં આવે તે જરૂરી છે. જો પરિણામ સારા મળી રહ્યા નથી તો પ્રશ્નો કરીએ. દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે. પહેલા લોકો એવા છે જે ભુલ કરવાના ડરથી કઈ કરતા જ નથી. બીજા એવા લોકો હોય છે જે ભુલો કરે છે પરંતુ ભુલોથી કોઈ બોધપાઠ લેતા નથી. ત્રીજા લોકો એવા હોય છે ભુલો કરે છે અને તેનાથી શિખીને આગળ વધે છે. પોતાનામાં સુધારો કરે છે. ચોથા લોકો એવા હોય છે જે પોતાની ભુલોથી શિખવાની સાથે સાથે બીજાની ભુલોથી પણ બોધપાઠ લઈને આગળ વધે છે. આજના સમયમાં અમે જો અંતિમ શ્રેણી અથવા તો ચોથી વ્યક્તિની જેમ જ બનીને આગળ વધીશુ તો જ સફળતા સુધી પહોંચી શકાશે. અમને દરકે અનુભવમાંથી શિખીને પોતાને ચકાસીને આગળ વધવાની જરૂર પડશે. જો તમે શિખવા માટે તૈયાર છો તો દરેક અવસર સફળતાની દિશામાં એક પગલુ છે. કેટલાક પ્રશ્નો છે જે હમેંશા પોતાને કરી શકાય છે. આ અવસર અથવા તો વ્યક્તિ પાસેથી શુ શિખી શકાય છે આજે હુ નવુ શુ શિખી રહ્યો છુ આ નવા બોધપાઠને કઈ રીતે અમલી કરવામાં આવે આ તમામ પ્રશ્નો વ્યક્તિને પોતાને કરવા જોઈએ. આગળ વધવા માટે શિખવા માટે પુરતો સમય કાઢવામાં આવે તે જરૂરી છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના બાળકો પણ ટોપના સ્તર પર પહોંચી રહ્યા છે. જેથી સતત મહેનત, શિસ્ત અને નિયંમો સૌથી ઉપયોગી છે. .



## ટેક્નોલોજી ફ્રેન્ડલી યુવા વીઆર કન્ટેન્ટને બિઝનેસ બનાવી શકે છે

**બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે**

# વર્ચુંઅલ રિયાલિટી સ્ટાર્ટ અપ ઓપ્શાન

**ગયા વર્ષે દુનિયાભરમાં વીઆર સંબંધિત કન્ટેન્ટ શોધનારની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે : વીઆર થિયેટર નવા કોન્સેપ્ટ તરીકે છે**

વિતેલા વર્ષમાં દુનિયાભરમાં વીઆર એટલે કે વર્ચઅલ રિયાલિટી સાથે સંબંધિત કન્ટેન્ટ શોધનાર લોકોની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે. જો તમે ટેકનોલોજી ફ્રેન્ડલી છો તો વીઆર કન્ટેન્ટને બિઝનેસ માટે ડેવલપ કરી શકો છો. આની સાથે સંબંધિત વિડિયો અને બ્લોગ વાંચનાર લોકોની સંખ્યા પણ ખુબ વધારે થઈ રહી છે. બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે. બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસના ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં આની સાથે સંબંધિત માર્કેટનુ કદ આશરે ૧.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૨૪ સુધી વીઆર ટેકેનોલોજી અને સંબંધિત પ્રોડક્ટસનુ ગ્લોબલ માર્કેટ કદ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારે રહેનાર છે. ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસ અને તેમની ફ્યુચર પ્લાનિંગને લઈને સર્વે કરનાર અમેરિકી એજન્સીઓએ હાલમાં વીઆર સંબંધિત બિઝનેસને લઈને ભાવિ ઉજવળ હોવાની બાબત રજૂ કરી છે. ખાસ કરીને ભારત સહિત કેટલાક એશયન દેશોમાં વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો અંદાજ છે. જો કે વીઆર સાથે સંબંધિત એવા ક્યા બિઝનેસ છે જે સૌથી વધારે ફાયદાકારક રહેનાર છે તેને લઈને કેટલીક માહિતી નિષ્ણાંતો દ્વારા એકત્રિત કરવામાં આવી રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત પ્રોડક્ટસની યાદી ખુબ લાંબી છે. જો કે મુખ્ય રીતે જે પ્રોડક્ટસની માંગ વધી છે તેમાં વીઆર હેન્ડસેટ, સેંસર, પ્રોજેક્ટ અને ડિસ્પ્લે વોલ, ટ્રેકિગં ડિવાઈસ અને હાઈ પાવરવાળા કોમ્પ્યુટર સિસ્ટમ સામેલ છે. વીઆર ટેકનોલોજીવાળી તમામ પ્રોડક્ટસઅને અન્ય વસ્તુઓની કિંમત વધારે છે. જો કે લોકોનો વીઆર ટેકનોલોજીમાં ક્રેઝ વધી રહ્યો છે જેથી સ્ટાર્ટ અપ આઈડિયાની શોધમાં રહેલા યુવાનોને તક મળી રહી છે. આવા પ્રોડક્ટસના રેટ બિઝનેસ એક ફુટફુળ આઈડિયા તરીકે છે. વીઆર હેન્ડસેટ અથવા તો અન્ય ડિવાઈસ જેમની કિંમત ૧૦ હજાર રૂપિયા અથવા તો વધારે છે તેમને આ રેન્ટ બિઝનેસમાં સામેલ કરવામાં આવી શકે છે. આવા સ્ટાર્ટ અપની સંખ્યા ચીન અને સિંગાપોરમાં અતિ ઝડપથી વધી રહી છે. વીઆર સાથે સંબંધિત બિઝનેસની લોકપ્રિયતાને આ બાબતથી સમજી શકાય છે કે વર્ષ ૨૦૧૯માં આ સેક્ટરતી સંબંધિત ૫૦થી વધારે સ્ટાર્ટ અપને રોકાણકારો મળી ચુક્યા છે. તેમાં સૌથી વધારે સંખ્યા એશિયાના સ્ટાર્ટ અપની રહેલી છે. જેથી આ સેક્ટરના બિઝનેસમાં જો આપની પાસે બજેટની કમી છે તો અથવા તો ફંડ ઓછા પ્રમાણમાં છે તો આપના રોકાણના સંબંધમાં વધારે ચિંતા રહેશે નહીં. વીઆર થિયેટર લોકપ્રિય થવા માટેના કારણ એ છે કે ૩૬૦ ડિગ્રીમાં વિડિયો જોવામાં આવે છે. અલબત્ત આ એક મોંઘા બિઝનેસ આઈડિયા તરીકે છે. કારણ કે જો તમે ૨૦ સીટવાળા વીઆર થિયેટર બનાવવા માટે ઈચ્છુક છો તો આપને આશરે ૨૦ લાખ રૂપિયાના રોકાણઁની જરૂર હોય છે. જો તમારી પાસે મોટા બજેટ નથી તો તમે વીઆર વિડિયો સ્ટુડિયો વિકસિત કરી શકો છો. જ્યાં તમે લોકોને આક્યુલસ રિફ્ટ અથવા તો વાઈવના અનુભવ કરાવી શકો છો. વીઆર પ્રોડક્ટસને ઓનલાઈન ખરીદીને ગ્રાહક પર તેમને પોતાના સ્ટુડિયોમાં દર્શાવી શકો છો. વીઆર ટેકનોલોજી શુ છે તે અંગે વાત કરવામાં આવે તો આપ્રશ્ન ચોક્કસ સારો છે. વર્તમાનમાં વીઆર ટેકનોલોજીનો ઉપયોગ કરનારની સંખ્યામાં દર વર્ષે ઝડપી વધારો થઈ રહ્યો છે. આ ટેકનોલોજીની શરૂઆત વર્ષ ૨૦૧૦માં અમેરિકામાં થઈ હતી. વર્ષ ૨૦૧૬ બાદ તેનો ઉપયોગ કારોબારના સ્તર પર શરૂ થયો હતો. ભારત અને અન્ય એશિયન દેશોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. વર્ચુઅલ રિયાલિટીને સામાન્ય ભાષામાં આભાસી દુનિયા કહેવામાં આવે ચે. ટેકનોલોજીના ઉપયોગથી કોઈ પણ વ્યક્તિ એવી વસ્તુને અનુભવ કરી શકે છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# શું તમારો મની પ્લાન્ટ પણ વારંવાર સૂકાઈ જાય છે? તો ફોલો કરો આ સરળ ટિપ્સ



ઘરે મની પ્લાન્ટ ઉછેરવો મોટાભાગના લોકો પસંદ કરે છે. કોઈને ઘર સજાવવા માટે મની પ્લાન્ટ લગાવવો પસંદ હોય છે તો કોઈ વાસ્તુ અનુસાર આ પ્લાન્ટને ઘરમાં રાખવા ઈચ્છે છે પરંતુ ઘણી વખત મની પ્લાન્ટ સૂકાઈ જાય છે. જેને લીલોછમ રાખવા માટે લોકો જુદા-જુદા પ્રકારની રીતો અજમાવે છે પરંતુ તેમ છતાં આ મની પ્લાન્ટ લીલોછમ રહેતો નથી. દરમિયાન તમે અમુક ગાર્ડનિંગ ટિપ્સને ફોલો કરી શકો છો. જે તમારા મની પ્લાન્ટના ગ્રોથને ખૂબ શ્રેષ્ઠ બનાવી શકે છે.

## પાણીમાં આ રીતે વિકાસ ઝડપી થશે

ઘણા લોકો મની પ્લાન્ટને ઘરના ખૂણામાં સજાવટ તરીકે રાખવાનું પસંદ કરે છે. એવામાં જો તમે પાણીમાં આ છોડને રાખવાનું ઈચ્છો છો તો તમારે સમયાંતરે આનું પાણી બદલવુ જોઈએ. આ સાથે જ એ વાતનું પણ ધ્યાન રાખો કે જ્યારે પણ પાણી બદલો તો તેમાં અડધી કે એક ગોળી એસ્પ્રિનની પણ નાખો. મની પ્લાન્ડનો નોડ તમારે પાણીની અંદર જ રાખવાનો છે ત્યારે આનો ગ્રોથ સારો થશે.

## માટીમાં મની પ્લાન્ટનો ગ્રોથ આ રીતે કરો

ઘણા લોકો મની પ્લાન્ટને માટીમાં લગાવ્યા બાદ તેની સંભાળ રાખતા નથી. જ્યારે મની પ્લાન્ટના સારા ગ્રોથ માટે તેની યોગ્ય સારસંભાળ રાખવી પણ જરૂરી છે. દરમિયાન જો તમારો મની પ્લાન્ટ માટીમાં ઉગાડ્યા છતાં પણ વિકાસ થઈ રહ્યો નથી તો તમે સમયાંતર તેના પીળા અને સૂકાયેલા પાંદડા છોડમાંથી દૂર કરતા રહો. સાથે જ છોડમાં ખાતર અને પાણી આપવાનું પણ ધ્યાન રાખો.

## છોડના નવા મૂળ બનાવો

ઘણી વખત મની પ્લાન્ટનો છોડ સૂકાવા લાગે છે કે પછી સડવા લાગે છે, જેનાથી તેના મૂળનો વિકાસ થતો નથી. એવામાં તેના નવા મૂળને તૈયાર કરવા માટે મની પ્લાન્ટના પાંદડાને ટ્રિમ કરીને છોડના મૂળને માટીમાં રોપો પરંતુ તેમાં તમને ખૂબ વધુ પાણી આપવાનું નથી. સાથે જ એ વાતનું પણ ધ્યાન રાખવાનું છે કે શરૂઆતમાં આ છોડમાં કોઈ પણ પ્રકારના ફર્ટિલાઈઝર ઉપયોગ ન કરો નહીંતર મની પ્લાન્ટના મૂળ સડી શકે છે. જ્યારે તેના નવા મૂળ તમને જોવા મળવા લાગે ત્યારે તમે તેને પોતાની પસંદ અનુસાર કોઈક છોડ કે પછી બોટલમાં લગાવીને રાખો.

## ખાતરનો ઉપયોગ કરો

મની પ્લાન્ટનો વિકાસ સારો કરવા માટે તમે ઘરે ખાતર બનાવીને તેનો ઉપયોગ કરી શકો છો. આ માટે તમે છાણના ખાતરને સરસવના તેલ સાથે મિક્સ કરી લો. પછી એક બાઉલ પાણી પણ તેમાં એડ કરો અને આ ખાતરનો ઉપયોગ મની પ્લાન્ટમાં કરો. આનાથી મની પ્લાન્ટ લીલોછમ રહેશે સાથે જ વિકાસ પણ સારો થશે.

## આ બાબતોનું રાખો ધ્યાન

મની પ્લાન્ટને તડકામાં ન રાખો કેમ કે આનાથી છોડના પાંદડા બળી શકે છે. મની પ્લાન્ટના વિકાસ માટે તમે તેમાં થોડુ એપ્સમ સોલ્ટ નાખી શકો છો. સાથે જ એ વાતનું પણ ધ્યાન રાખો કે મની પ્લાન્ટની માટી વધુ સૂકી ના રહે પરંતુ ખૂબ વધુ પાણીનો ઉપયોગ પણ ન કરો એટલે માટીનું લેવલ ભીનાશવાળુ રહે. આ સાથે જ આમાં ખૂબ હેવી ફર્ટિલાઈઝરનો ઉપયોગ ન કરો આનાથી પણ આના પાંદડા ખરાબ થઈ શકે છે.

# સવારના વાતાવરણમાં માત્ર 30 મિનિટ કરેલી વોકથી શરીરને થશે આ ત્રણ ગજબના ફાયદા



ચાલવું એક ઉત્તમ કસરત છે. સ્વાસ્થ્ય સારું રાખવા માટે રોજ 5000 ડગલાં ચાલવાની સલાહ આપવામાં આવે છે. ખાસ કરીને જે લોકો સ્વાસ્થ્ય પ્રત્યે સભાન હોય છે તેઓ મોટાભાગે સવારે વહેલા ચાલવાનું પસંદ કરે છે. પરંતુ કેટલાક લોકોની જીવનશૈલી વ્યસ્તતાભરેલી હોય છે જેના કારણે તેઓ વોક કરવા માટે સમય કાઢી શકતા નથી. જો કે આજે તમને જે વાત જણાવવા જઈ રહ્યા છે તેને જાણ્યા બાદ તમે વ્યસ્ત જીવનશૈલીમાંથી પણ સમય કાઢી સવારે 30 મિનિટ વોક કરવાનું શરુ કરી દેશો.

**સ્ટેમિના વધે છે** | જો તમે રોજ સવારે 30 મિનિટ ચાલો છો તો તેનાથી ફેફસાંની ક્ષમતા વધે છે અને પછી તમે શરીરમાં વધુ ઓક્સિજન લઈ શકો છો. તેનાથી શ્વાસોશ્વાસની પ્રક્રિયા સુધરે છે અને તમારો સ્ટેમિના પણ વધી જાય છે. નિયમિત વોક શરુ કર્યા પછી સીડી ચડવામાં કે દોડતી વખતે તમને શ્વાસ નહીં ચઢે.

**વજન ઘટાડવામાં મદદ મળે છે** | સ્થૂળતા એ ઝડપથી ફેલાતી સમસ્યા છ. ઘણા લોકોની શારીરિક પ્રવૃત્તિ એટલી ઓછી હોય છે કે તેમનું વજન ઝડપથી વધી જાય છે. ખાસ કરીને પેટ અને કમરની ચરબી વધી જાય તો તેને ઘટાડવું મુશ્કેલ થઈ જાય છે. તેનાથી બચવા માટે રોજ સવારે ચાલવા માટે સમય કાઢવો જ જોઈએ.

**હૃદયનું સ્વાસ્થ્ય સુધરશે** | જે લોકો નિયમિત મોર્નિંગ વોક કરે છે તેઓ કોરોનરી આર્ટરી ડિસીઝ, ટ્રિપલ વેસલ ડિસીઝ, હાર્ટ એટેક અને હાર્ટ ફેલ્યોરનું જોખમ ઘણે અંશે ઘટાડે છે. કારણ કે નિયમિત 30 મિનિટ લોહી કરવાથી ધમનીમાં જામેલી ચરબી ઘટે છે. જેનાથી હૃદય સુધી રક્ત બરાબર પહોંચે છે અને હૃદય સ્વસ્થ રહે છે.

# હવે 'શાકાહારી' કેપ્સુલ શેલ



તમો જે દવાની કેપ્સુલ ગળો છો તેની સાથે પ્રાણીના હાડકામાંથી બનતા પાવડર અને પ્રાણીઓની ચામડીમાંથી મળતા ખાસ પદાર્થ મળી જીલેટીન બનાવાય છે. જેમાં કેપ્સુલ, શેલ એટલે કે જેની અંદર દવા હોય છે તેના બનાવામાં જરૂરી છે. આથી ખાસ કરીને શુદ્ધ શાકાહારી માટે આ પ્રકારની કેપ્સુલ વ્રજય બને છે પણ હવે તેનો વિકલ્પ પણ મળી ગયો છે. ભાવનગર સ્થિત સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમીકલ રીસર્ચ ઈન્સ્ટીટયુટે સી.વીડ જે સમુદ્રમાં ઉગતી એક વનસ્પતિ છે તેનાથી જીલેટીન બનાવવા માટે વૈકલ્પિક પદાર્થ મેળવી લીધા છે અને તે ભવિષ્યમાં આ પ્રકારની કેપ્સુલ નિર્માણમાં ખૂબજ ઉપયોગી બનશે તથા પ્રાણીઓના હાડકા તથા ચામડીમાંથી જે પદાર્થ લેવામાં આવે છે તેનો વિકલ્પ પણ બની જશે.

આ પ્રકારના કેપ્સુલ, કવચ, કેશેલ માટે છેક 2006થી આ રીસર્ચ ઈન્સ્ટીટયુટ કામ કરતી હતી અને જીલેટીન બનાવવામાં ઉપયોગી મહત્વના ઘટક કેરેજેન અને બેલ્જીનેટ આ સમુદ્રી વનસ્પતિમાંથી મેળવ્યા છે અને 2010માંજ આ પ્રકારે તેમાંથી જીલેટીન આધારીત કેપ્સુલ શેલનું નિર્માણ કર્યુ હતું પણ તે ખૂબ જ ખર્ચાળ સાબીત થયું હતું જે પ્રતિ કેપ્સુલ 25થી75 પૈસાનો ખર્ચ થતો હતો જે હાલની જે જીલેટીન આધારીત શેલ બને છે તેના ફકત 2 પૈસાના ખર્ચ સામે અત્યંત ઉંચો હતો. સૌથી મહત્વનું એ છે કે આ પ્રકારના શેલ એ ઝડપથી પીગળી જાય તેવા અને તેમાં ટેસ્ટલેસ- પ્રોટીન હોવું જરૂરી છે અને તે કોઈ રંગ વગરના હોય તે પણ મહત્વનું છે. નહીતર આ શેલ શરીરમાં જઈને હાનીકારક બની શકે છે અને તેથી જ ફાર્મા કંપનીમાં આ પ્રકારની સમુદ્રી વનસ્પતિ આધારીત કેપ્સુલ શેલમાં રસ ધરાવતી ન હતી પણ હવે આ રીસર્ચ ઈન્સ્ટીટયુટે વર્ષોની મહેનત બાદ સસ્તા પડે તે રીતે સી-વીડ આધારીત જીલેટીન નિર્માણમાં સફળતા મેળવી છે અને હવે તેના કોમર્શિયલ પ્રોડકશનની માટે વાટાઘાત ચલાવે છે. ઈન્સ્ટીટયુટના સિનીયર પ્રિન્સીપાલ વૈજ્ઞાનિક ડો. કમલેશ પ્રસાદના જણાવ્યા મુજબ તેઓએ આ પ્રકારના હાથેથી નિર્મિત કેપ્સુલ શેલ તૈયાર કર્યા છે પણ તેનું ખાસ પ્રોડકશન તો મશીન મારફત જ થઈ જશે જે માટે બે ફાર્મા કંપનીઓ સાથે વાતચીત થઈ રહી છે.

# ચોમાસાની સીઝનમાં ફરવા જવું હોય તો આ સ્થળો ચૂકતા નહીં

## ફેમિલી સાથે યાદગાર બની જશે



ચોમાસામાં પ્રવાસન સ્થળો લગભગ લીલાછમ હોય છે. વરસાદની ઋતુમાં ખીણો, જંગલો, હિલ સ્ટેશનની મુલાકાત લેવી એ આનંદ અને રોમાંચથી ભરપૂર હોય છે.

**મેકલોડગંજ** | જો ચોમાસાની સિઝનમાં મેકલોડગંજની મુલાકાત લેવાનું આયોજન કરો છો, તો ત્યાંની પ્રાકૃતિક સુંદરતા તમારા માટે જીવનભરનો યાદગાર અનુભવ બની રહેશે. જો કે અહીં આખું વર્ષ પ્રવાસીઓની ભીડ રહે છે, પરંતુ વરસાદના દિવસોમાં ત્યાં જવું અદ્ભુત અનુભવથી ભરેલું હોય છે. ત્યાં હિમાચલ પ્રદેશ થઈને જવુ પડે છે. ધર્મશાળા પહોંચ્યા બાદ ત્યાંથી ટેક્સી અને બસ લઈને મેકલોડગંજ પહોંચી શકાય છે. હોટલ અને રહેવાની જગ્યા વગેરે ઇન્ટરનેટ પરથી જાણી શકો છો. તમે ત્યાં ફરવાની સાથે-સાથે ટ્રેકિંગ, કેમ્પિંગ અને એડવેન્ચર એક્ટિવિટીની પણ મજા માણી શકો છો.

**સિક્કિમ** | જૂન અને જુલાઈના દિવસોમાં નોર્થ ઈસ્ટના રાજ્ય સિક્કિમની એક સફર તમને જીવનભર સોનેરી યાદો આપશે. ત્યાં તમે નાથુ લા પાસ, ઈન્ડો-ચીન બોર્ડર અને રુમટેક મઠ જેવા સુંદર સ્થળો આવેલા છે. ત્યાં લાચુંગ અને યુમથાંગ ખીણનો સુંદર નજારો જોવા મળશે. સિક્કિમમાં તિસ્તા નદીમાં રિવર રાફ્ટિંગ પણ અલગ અનુભવ કરાવશે.

**લેન્સડાઉન** | ઉત્તરાખંડમાં આવેલુ લેન્સડાઉન તમારા માટે રોમેન્ટિક સફર બની શકે છે. અહીં જૂના મંદિરો, ચર્ચો અને પર્વતો પરથી ઉગતા વાદળો અને અસ્ત થતા સૂર્યની વચ્ચેના સુંદર અને કુદરતી નજારા તમારુ મન મોહી લેશે.

**શિમલા** | ચોમાસાની સિઝનમાં ફરવા માટે શિમલા શ્રેષ્ઠ સ્થળ છે. ત્યાં ખીણો, પર્વતો અને કેટલીક ખાસ જગ્યાઓ છે. શિમલા મોલ રોડ, ક્રાઈસ્ટ ચર્ચ, કુફરી, ચેઈલ, નારકંડા, ટાટા પાણી જેવી જગ્યાઓ ફરવા માટે શ્રેષ્ઠ છે. ત્યાંના બજારોની મુલાકાત લઈને તમે ખરીદી પણ કરી શકો છો. આ સિવાય શિમલામાં એક ઊંચી ટેકરી પર આવેલા જાખુ મંદિરની મુલાકાત પણ યાદગાર બની રહેશે. ખાસ કરીને અહીં હનુમાનજીની 108 ફૂટ ઊંચી પ્રતિમા પણ આકર્ષણનું કેન્દ્ર છે.

**મેઘાલય** | મેઘાલયમાં સુંદર ખીણો, પ્રાકૃતિક નજારાઓ આવેલા છે. વરસાદ તમને સ્વર્ગનો અહેસાસ કરાવશે અને પ્રકૃતિની લીલોતરી તમને શાંતિનો અનુભવ કરાવશે. ત્યાં તમે મલ્લિનોંગ ગામ અને મોસિનરામની મુલાકાત પણ લઈ શકો છો.

**અલમોડા** | અલમોડા દિલ્હીથી માત્ર 350 કિલોમીટરનું અંતરે આવેલું છે. પહાડી રાજ્ય ઉત્તરાખંડનો આ જિલ્લો તેના પ્રાકૃતિક અને સુંદર નજારો ધરાવે છે. મહત્વની વાત એ છે કે ત્યાં બધું સસ્તું મળશે, મુસાફરી પણ. અલ્મોડામાં તમારે જાગેશ્વર મંદિર, નંદા દેવી મંદિર, કાસર દેવી મંદિર અને સ્વામી વિવેકાનંદ મંદિરની મુલાકાત યાદગાર બની રહેશે.



# બાળકોને શાંત અને આજ્ઞાકારી બનાવવા પહેલા માતા-પિતાએ જ પોતાનામાં આ 4 પરિવર્તન લાવવા જરૂરી

એક રિપોર્ટ અનુસાર માતા-પિતા બાળકો સાથે દરેક સમયે કંટાળીને જ વાત કરે છે, જેના કારણે બાળકોના મનમાં એ વાત ઘર કરી જાય છે કે તેમની મુશ્કેલીઓનો ઉકેલ કાઢવો કે મદદ કરવી તેમના માતા-પિતાને પસંદ નથી. દરમિયાન તેઓ પોતાને એકલા અનુભવે છે અને યોગ્યરીતે પોતાની ભાવનાઓને વ્યક્ત ન કરી શકવાના કારણે ગુસ્સાવાળા સ્વભાવના થઈ જાય છે.

જો તમારુ બાળક અત્યારે વાતવાતમાં ગુસ્સે થતુ હોય કે બૂમો પાડતુ હોય તો તેને ઠપકો આપવાના બદલે તમે તેની ભાવનાઓને સમજો અને પ્રેમથી વાત કરો. સારુ એ રહેશે કે તમે ગળે મળો અને એ અનુભવ કરાવો કે તમને તેની ચિંતા છે. યાદ રાખો કે જો તમે તેને ઠપકો આપીને શાંત કરાવવાનો પ્રયત્ન કરશો તો તે વધુ ઈરિટેટ થશે. તેથી વાત કરો, ઠપકો ન આપો.

કેટલાક માતા-પિતા બાળકો પર દરેક સમયે નજર રાખે છે અને તેમની નાની મોટી ભૂલો પર ટોક્યા કરે છે, આનાથી બાળકોના મનમાં નકારાત્મક ભાવનાઓ જન્મ લે છે અને તે તમારા આ સ્વભાવથી કંટાળવા લાગે છે. બાળકોને થોડો સમય એકલતામાં પસાર કરવા દો, તેમને ભૂલો કરવાની તક આપો. બાળકો ભૂલોમાંથી સૌથી વધુ શીખે છે. માતા-પિતાએ એ વાતનું પણ ધ્યાન રાખવુ જરૂરી છે કે તેઓ અંદરોઅંદર બાળકોની સામે ઝઘડો ના કરે. આવુ કરવાથી બાળકોના કોમળ મન પર ખરાબ અસર પડે છે અને તે પણ કોપી કરવા લાગે છે. એટલુ જ નહીં. કેટલાક બાળકો આના કારણે હતાશા અને ભય હેઠળ જીવે છે. આવા બાળકો સ્ટ્રેસમાં રહેવા લાગે છે અને ક્રોધી થઈ જાય છે. બાળકોની આસપાસ સકારાત્મક વાતાવરણ બનાવો અને તેમને ભાવનાઓને વ્યક્ત કરવા દો. તમારો આ વ્યવહાર તેમના વ્યવહારમાં ઘણુ પરિવર્તન લાવશે.





# ગુજરાતીઓની ફ્યૂઝન રેસિપી "મેગી ભજીયા" કેવી રીતે બનાવશો?

## બનાવવાની રીત

- એક પેનમા જરૂર મુજબ પાણી લઈ,મેગી બનાવી લો. તેમાં મેગી મસાલો એડ કરો. મેગીમા પાણી રેહવુ જોઇએ નહીં. આ મેગીને ઠંડી થવા દો.
- એક બાઉલમા ચણાનો લોટ અને રવો લઇને બધાં મસાલા કરીલો,તેમાં તૈયાર મેગી ઉમેરો અને થોડું પાણી લઈ ભજીયાનુ ખીરું રેડી કરો .
- કડાઈમા તેલ ગરમ મુકો થોડું ગરમ તેલ ખીરામા ઉમેરો અને સોડા નાખીને મિક્ષ કરીલો .
- આ ખીરામાંથી ભજીયા ઉતારો અને ક્રીસ્પી થાય ત્યા સુધી તળીલો .
- બહારથી ક્રીસ્પ અને અંદર થી સોફ્ટ મેગી ભજીયાને ટોમેટો કેચઅપ સાથે સર્વ કરો .

## મેગી ભજીયા બનાવવાની રીત

સામગ્રી

- 1 પેકેટ મેગી
- 1 વાટકી ચણાનો લોટ
- 1/4 વાટકી રવો
- હળદર
- મરચું
- મેગી મસાલો અથવા ગરમ મસાલો
- ધાણાજીરુ
- મીઠુ
- સોડા
- તેલ

## સ્વાસ્થ્ય માટે ખુબ જ હાનિકારક છે મોસ્કિટો રિપેલેન્ટ કોઈલ

# કેન્સર, અસ્થમા જેવા રોગોનું જોખમ વધી શકે છે



## એક બંધ રૂમમાં કોઈલ સળગાવવી અને ત્યાં બેસવું એટલે સો સિગારેટનો ધુમાડો તમારા શરીરમાં લીધા બરાબર

ચોમાસુ આવતાંની સાથે જ મચ્છરો દેખાવા લાગે છે અને તેઓ દિવસ દરમિયાન તેમજ રાત્રે પરેશાન કરે છે. આ મચ્છરો એટલા પરેશાન કરે છે કે લોકો બરાબર સૂઈ શકતા નથી. આવી સ્થિતિમાં, લોકો તેનાથી બચવા અને શાંતિપૂર્ણ ઊંઘ મેળવવા માટે વિવિધ ઉપાયો કરે છે. જ્યાં કેટલાક લોકો ક્રીમ અને કોઈલનો ઉપયોગ કરે છે, તો કેટલાક લોકો રાત્રે આરામથી સૂઈ શકે તે માટે મોસ્કિટો રિપેલેન્ટનો ઉપયોગ કરે છે. શું તમે જાણો છો કે મચ્છરોથી બચવા માટે મોસ્કિટો રિપેલેન્ટમાં રહેલા પદાર્થો સ્વાસ્થ્ય માટે સારા નથી અને તે તમારી સમસ્યાને વધારી પણ શકે છે.

જો હેલ્થ એક્સપર્ટનું માનીએ તો મોસ્કિટો રિપેલેન્ટમાં જોવા મળતા પદાર્થો આપણા સ્વાસ્થ્ય માટે સારા નથી. તેઓ કહે છે કે, ઘરમાં મચ્છર નિવારકની જેમ કોઈલ સળગાવવાથી સ્વાસ્થ્ય માટે જોખમ વધી રહ્યું છે. આ સંદર્ભે પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, "એ કહેવું વાજબી છે કે સ્યુટ રૂમમાં મચ્છર કોઈલ પ્રગટાવવી એ લગભગ 100 સિગારેટ પીવા બરાબર છે."

જો નિષ્ણાંતોનું માનીએ તો, કોઈલમાંથી નીકળતો ધુમાડો કે ગંધ તમારા સ્વાસ્થ્ય પર ઘણી અસર કરે છે. આ કારણે તમારા ફેફસાંમાં કેન્સર થવાની મોટી સંભાવના છે. એટલું જ નહીં તેના ઉપયોગથી લોકોને અસ્થમાની સમસ્યા પણ થાય છે. આ જ કારણ છે કે લોકોને કોઈ પણ મચ્છર નિવારક દવાઓથી દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે જેથી તેઓ અજાણતાં ગંભીર બીમારીઓ ન પકડી શકે.

આરોગ્ય નિષ્ણાતો લોકોને મોસ્કિટો રિપેલેન્ટથી દૂર રહેવાની સલાહ આપે છે. તે આવા લોકોને મેટ અથવા મચ્છરદાનીનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. એટલું જ નહીં, તે લોકોને મચ્છરોથી દૂર રહેવા માટે કેટલાક કુદરતી અને સલામત વિકલ્પોનો ઉપયોગ કરવાની પણ સલાહ આપે છે, જેમ કે લીમડાના પાન વગેરે..

# રાજસ્થાનના પ્રસિદ્ધ સાવલિયા શેઠની તિજોરી ખુલી । પૈસાનું પૂર







રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના પ્રસિદ્ધ શ્રી સાંવલિયા જી મંદિરમાં દાન પેટીમાંથી નીકળેલી રકમની ગણતરીનું કામ મંગળવારે પૂર્ણ થઈ ગયું હતું. આ પ્રક્રિયામાં અત્યાર સુધીમાં કુલ ૧૨ કરોડ ૪૪ લાખ ૭૯ હજાર રૂપિયાની ગણતરી કરવામાં આવી છે. મંગળવારે આ પ્રક્રિયામાં ૪ કરોડ ૬૮ લાખ ૧૦ હજાર રૂપિયાની ગણતરી કરવામાં આવી હતી.૨૯ ડિસેમ્બરથી મંદિરના ભંડારો ખોલવામાં આવતાં મતગણતરી શરૂ થઈ હતી. જો કે, ભક્તોની ભારે ભીડને કારણે મતગણતરીમાં વિક્ષેપો સર્જાયો હતો અને પ્રક્રિયા થોડી ધીમી પડી હતી. મંગળવારે સવારે ૧૧ વાગ્યે રાજભોગ આરતી બાદ મતગણતરી પ્રક્રિયા શરૂ થઈ હતી. આ પહેલા સોમવારે બીજા રાઉન્ડમાં ૪ કરોડ ૭૬ લાખ ૬૯ હજાર રૂપિયાની ગણતરી કરવામાં આવી હતી.અત્યાર સુધી આ પ્રક્રિયામાં બે રાઉન્ડ બાકી છે, જેમાં મની ઓર્ડર, ચેક અને ઓનલાઈન ડિપોઝીટની ગણતરી કરવાની છે. આ સાથે સોના-ચાંદીનું વજન પણ બાકી છે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આગામી બે દિવસમાં સમગ્ર મતગણતરી અને વજનકાંટાનું કામ પૂર્ણ થઈ જશે અને અંતિમ ડેટા સૌની સામે આવી જશે.

## તમને 'ઇમરજન્સી' ગમશે... કંગના રનૌતે પ્રિયંકા ગાંધીને ફિલ્મ જોવાની ઓફર કરી



। મુંબઇ, તા.૯ ।

કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી'ની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. તાજેતરમાં જ ફિલ્મનું બીજું ટ્રેલર રિલીઝ થયું હતું, જેને લોકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ફિલ્મ ૧૭ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં આવવા જઈ રહી છે. કંગના રનૌત પણ આને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. દરમિયાન કંગના રનૌતે પ્રિયંકા ગાંધીને ફિલ્મ 'ઈમરજન્સી' જોવાની વિનંતી કરી છે. વાસ્તવમાં આ ફિલ્મમાં તે પૂર્વ વડાપ્રધાન અને પ્રિયંકા ગાંધીની દાદી ઈન્દિરા ગાંધીનો રોલ કરી રહી છે.હાલમાં જ વાત કરતા કંગના રનૌતે જણાવ્યું હતું કે તેણી સંસદમાં પ્રિયંકા ગાંધીને મળી હતી. આ દરમિયાન તેમણે પ્રિયંકા ગાંધીને પહેલી વાત એ કરી કે તમે ઈમરજન્સી જોઈ લો. આગળ અભિનેત્રીએ તેને એમ પણ કહ્યું કે તેને તે ખૂબ જ ગમશે.ખરેખર, કંગના રનૌતની ફિલ્મ ઈમરજન્સી ૧૭ જાન્યુઆરીએ આવી રહી છે. આવી સ્થિતિમાં કંગના રનૌતે પ્રિયંકા ગાંધીને સંસદમાં તેમની ફિલ્મ જોવાની વિનંતી કરી હતી.

### યાત્રાળુઓની સુરક્ષા માટે ભારત સરકાર અને રાજસ્થાન સરકાર દ્વારા

## ૬૭ પાકિસ્તાનીઓની સુરક્ષા માટે ૬૮૦ ભારતીય સૈનિક તૈનાત કરાયા

**આ તમામ યાત્રાળુઓને બે બસમાં લઈ જવામાં આવ્યા હતા અહીં આ તમામ શ્રદ્ધાળુઓ છટી શરીફની વિશેષ નમાજમાં ભાગ લેશે**

। અજમેર, તા.૯ ।

હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ ખાતે આયોજિત ૮૧૩માં વાર્ષિક ઉર્સમાં ભાગ લેવા માટે સવારે લગભગ ૩.૩૦ વાગ્યે પાકિસ્તાની શ્રદ્ધાળુઓનું એક જૂથ અજમેર પહોંચ્યું હતું. આ યાત્રાળુઓની સુરક્ષા માટે ભારત સરકાર અને રાજસ્થાન સરકાર દ્વારા કડક વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ કરીને રેલવે સ્ટેશન પર જ ૬૮૦થી વધુ સશસ્ત્ર સૈનિકો તૈનાત કરવામાં આવ્યા હતા.આ તમામ યાત્રાળુઓને બે બસમાં લઈ જવામાં આવ્યા હતા. અહીં આ તમામ શ્રદ્ધાળુઓ છટી શરીફની વિશેષ નમાજમાં ભાગ લેશે. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અને ફેર ઓફિસર વિવેકાનંદ શર્માના જણાવ્યા અનુસાર, પાક તીર્થયાત્રીઓ વિશેષ ટ્રેન દ્વારા અજમેર પહોંચ્યા હતા. અહીંથી તેને સેન્ટ્રલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ, જૂની મંડી, અજમેર લઈ જવામાં આવી છે. ત્યાં તેમના રહેવાની વ્યવસ્થા કરવામાં



આવી છે. તેમણે કહ્યું કે ગયા વર્ષે પાકિસ્તાનથી ૨૩૨ શ્રદ્ધાળુઓ ભારત આવ્યા હતા, પરંતુ આ વખતે તેમની સંખ્યા માત્ર ૬૭ છે.આ યાત્રાળુઓને દિલ્હીથી અજમેર જતી ચેતક એક્સપ્રેસ ટ્રેનમાં ભારે સુરક્ષા હેઠળ લાવવામાં આવ્યા હતા. ટ્રેન અહીં પહોંચ્યા બાદ બે બોગી સિવાય બાકીની ટ્રેનને ચિત્તોડગઢ રવાના કરવામાં આવી હતી. જીઆરપીના એડિશનલ એસપી રામાવતારના જણાવ્યા અનુસાર, રેલવે સ્ટેશન પર આ તમામ મુસાફરોની સુરક્ષા તપાસ બાદ તેમને ભારે સુરક્ષા વચ્ચે કેન્દ્રીય વિદ્યાલય મોકલવામાં આવ્યા છે.તેમણે કહ્યું કે યાત્રાળુઓની સુરક્ષા માટે કુલ ૬૮૦ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. જેમાં ડોગ સ્કવોડ, જીઆરપી, આરપીએફ અને સ્થાનિક પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે. અજમેરના એસપી વંદિતા રાણાના જણાવ્યા અનુસાર આ વખતે ઉર્સ માટે ૧૦૦ પાકિસ્તાની તીર્થયાત્રીઓ અજમેર આવવાના હતા.

### ભારતમાં એચએમપીવીના ૯ કેસ

## મુંબઈમાં ૬ મહિનાની બાળકી વાયરસથી સંક્રમિત

**ચીનમાં તબાહી મચાવતા કોરોના વાયરસ જેવા હ્યુમન મેટાપ્યુમોવાયરસના કેસો હવે ભારતમાં જોવા મળી રહ્યા છે**

। નવીદિલ્હી, તા.૯ ।

ચીનમાં તબાહી મચાવતા કોરોના વાયરસ જેવા હ્યુમન મેટાપ્યુમોવાયરસના કેસો હવે ભારતમાં જોવા મળી રહ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૯ કેસ નોંધાયા છે. નવમો કેસ બુધવારે મુંબઈમાં જોવા મળ્યો હતો. અહીં એક ૬ મહિનાની બાળકી મેટાપ્યુમોવાયરસ વાયરસથી સંક્રમિત મળી આવી છે. યુવતી ૧ જાન્યુઆરીથી બીમાર હતી. ખાંસી, છાતીમાં જકડ અને ઓક્સિજનનું સ્તર ૮૪% સુધી ઘટી જવાને કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે હવે તે સ્વસ્થ છે. સારવાર બાદ તેની સ્થિતિ નિયંત્રણમાં છે. અત્યાર સુધીમાં મહારાષ્ટ્રમાં મેટાપ્યુમોવાયરસના ૩ કેસ, કર્ણાટક અને તમિલનાડુમાં ૨-૨, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં ૧-૧ કેસ મળી આવ્યો છે.કેન્દ્ર સરકારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને પહેલેથી જ કહ્યું છે કે આપણે સમયાંતરે હ્યુમન મેટાપ્યુમોવાયરસ વાયરસ સંબંધિત અપડેટ આપતા રહેવું જોઈએ. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું છે કે ભારતનું સર્વેલન્સ નેટવર્ક સતર્ક છે. દેશ કોઈપણ ઉભરતા સ્વાસ્થ્ય પડકારનો તરત જ જવાબ આપવા તૈયાર છે.મેટાપ્યુમોવાયરસ વાયરસ અંગે રાજ્યો કેવી રીતે તૈયાર છે?ઝારખંડમાં આરોગ્ય વિભાગના નિર્દેશો પર, બુધવારથી મેટાપ્યુમોવાયરસ શંકાસ્પદ લોકોની તપાસની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. રાંચી સ્થિત રાજેન્દ્ર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ અને જમશેદપુર સ્થિત મહાત્મા ગાંધી મેમોરિયલ મેડિકલ કોલેજને નોડલ કેન્દ્રો બનાવીને નમૂનાઓનું પરીક્ષણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.-પડોશી રાજ્ય પશ્ચિમ બંગાળમાં એચએમપીવી કેસની તપાસને કારણે, સાવચેતીના પગલા તરીકે, એરપોર્ટ, રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડ પર પણ સ્ક્રીનીંગ શરૂ કરવા સૂચના આપવામાં આવી છે.

## સલમાન ખાનની સુરક્ષા વધી, ગેલેક્સીની બાલ્કનીમાં લગાવાયા બુલેટપ્રૂફ કાચ



। મુંબઇ, તા.૯ ।

છેલ્લા કેટલાક મહિનામાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી મળી રહેલી ધમકીઓ વચ્ચે સલમાન ખાનની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ તસવીરોમાં તમે જોઈ શકો છો કે કેવી રીતે કર્મચારીઓ સુપરસ્ટાર દબંગના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટની બારીઓની સુરક્ષા કરતા જોવા મળે છે. આ તસવીરમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે સલમાન ખાનના ઘરની બાલ્કનીમાં સુરક્ષા વધારવામાં આવી રહી છે. બાલ્કની બુલેટપ્રૂફ કાચથી સુરક્ષિત છે.આજે, ૯ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, કેટલાક કર્મચારીઓ સ્પષ્ટપણે સલમાન ખાનના મુંબઈના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટમાં કામ કરતા જોવા મળ્યા હતાં આ બધા સલમાનની સુરક્ષા માટે ઘરની બાલ્કનીમાં બુલેટપ્રૂફ કાચ લગાવતા જોવા મળે છે. બાલ્કની ચારે બાજુ વાદળી બુલેટપ્રૂફ કાચથી ઢંકાયેલી જોઈ શકાય છે.સુરક્ષાની ચિંતાઓ વચ્ચે સલમાન ખાન ભારે સુરક્ષા કવચ હેઠળ જાહેરમાં જોવા મળે છે. સુપરસ્ટાર તાજેતરમાં જ ગુજરાતના જામનગરમાં હતો.

## હાઈકોર્ટનો આદેશ, પુત્રવધુ નિરાધાર સાસુને દર મહિને ૧૦ હજાર રૂપિયા આપે

। નવીદિલ્હી, તા.૯ ।

ઉઅનુકંપા નિયુક્તિ અંગે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે કહ્યું છે કે પતિના મોત બાદ અનુકંપા એટલે કે રહમરાહે નોકરી મેળવનારી મહિલાએ પોતાની સાસુને ભરણપોષણ ભથ્થું આપવું પડી શકે છે. કોર્ટનું કહેવું છે કે સીપીસીની કલમ ૧૨૫ હેઠળ વહુ પર સાસુ સસરાના ભરણપોષણની જવાબદારી નથી પરંતુ ન્યાય માટે અપવાદ કહી શકાય. જસ્ટિસ હરપ્રીત સિંહ બરાડની બેન્ચ આ મામલે સુનાવણી કરી રહી હતી. બેન્ચે ફેમિલી કોર્ટના આદેશને યથાવત રાખ્યો છે. જેમાં મહિલાને સાસુને દર મહિને ૧૦ હજાર રૂપિયા આપવાનો આદેશ અપાયો છે.

અરજીકર્તા મહિલાને વર્ષ ૨૦૦૨માં પતિના મોત બાદ વર્ષ ૨૦૦૫માં રેલવે કોચ ફેક્ટ્રી તરફથી જૂનિયર ક્લાર્કનું પદ અપાયું હતું. ત્યારબાદ તે પોતાના પુત્ર સાથે સાસરું છોડીને જતી રહી. વર્ષ ૨૦૨૨માં તેની સાસુ સોનીપતની ફેમિલી કોર્ટમાં પહોંચી અને ભરણપોષણ ભથ્થું આપવાની માંગણી કરી.

## પાકિસ્તાન સિંધ પ્રાંતમાં બુલડોઝરની કાર્યવાહી સામે વિરોધ, ભારે હોબાળો; ઘણા ઘાયલ

। કરાચી, તા.૯ ।

પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં અતિક્રમણ વિરોધી અભિયાન હિંસક બની જતાં ઓછામાં ઓછા ૧૨ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. હૈદરાબાદ શહેરના કાસિમાબાદ વિસ્તારમાં અતિક્રમણ વિરોધી અભિયાનનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન પોલીસ અને વિરોધ કરી રહેલા લોકો વચ્ચે ઘર્ષણ પણ થયું છે. લોકોના ભારે વિરોધ છતાં અતિક્રમણ વિરોધી ઝુંબેશ ચાલુ છે.વાસ્તવમાં, અધિકારીઓ સિંચાઈ કેનાલને પુનઃસ્થાપિત કરવાની અને કાસિમાબાદ વિસ્તારમાં ૨૪ ફૂટ પહોળો રોડ બનાવવાની યોજના પર કામ કરી રહ્યા હતા. યોજના પૂર્ણ કરવા માટે, જ્યારે અધિકારીઓ અતિક્રમણ હટાવવા પોલીસકર્મીઓ સાથે સ્થળ પર પહોંચ્યા, ત્યારે તેમને સ્થાનિક લોકોના ભારે વિરોધનો સામનો કરવો પડ્યો.અતિક્રમણનો વિરોધ કરી રહેલા લોકો અને સ્થાનિક રહેવાસીઓએ અધિકારીઓ પર પથ્થરમારો કર્યો હતો અને કેટલાક સરકારી વાહનોના કાચ તોડી નાખ્યા હતા. પોલીસે ભીડને વિખેરવા માટે હવામાં ગોળીબાર અને ટીયર ગેસના શેલ છોડીને જવાબ આપ્યો, જેના કારણે ઘણા પ્રદર્શનકારીઓ ઘાયલ પણ થયા.આ સમગ્ર મામલાને લઈને હૈદરાબાદના ડેપ્યુટી કમિશનર (ડીસી) ઝૈનુલ આબેદિન મેમને કહ્યું, "ટોળા દ્વારા હિંસામાં લગભગ ૧૨ પોલીસકર્મીઓ અને કેટલાક લોકો ઘાયલ થયા છે."

### તિબેટમાં ભૂકંપ પછી | પડોશી કિંઘાઈ પ્રાંતના અન્ય એક કાઉન્ટીમાં ૫.૫ ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતોઉ

## કડકડતી ઠંડી વચ્ચે બચાવ કાર્ય યુધ્ધના ધોરણે ચાલુ

। બેઇજિંગ, તા.૯ ।

તિબેટમાં મંગળવારે આવેલા વિનાશક ભૂકંપ બાદ કડકડતી ઠંડી વચ્ચે બચાવ કાર્યકરો કાટમાળ નીચે દટાયેલા લોકોને શોધી રહ્યા છે. દરમિયાન, બુધવારે પડોશી કિંઘાઈ પ્રાંતના અન્ય એક કાઉન્ટીમાં ૫.૫ ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારના ભૂકંપમાં કોઈ જાનહાનિ થઈ નથી. ઉત્તરપશ્ચિમ ચીનના કિંઘાઈ પ્રાંતના ગોલોગ તિબેટીયન સ્વાયત્ત પ્રીફેક્ચરના માડોઈ કાઉન્ટીમાં સવારે ૩:૪૪



વાગ્યે (બેઇજિંગ સમય) ભૂકંપ આવ્યો. ભૂકંપના આંચકા ઉત્તર-પૂર્વ નેપાળમાં પણ અનુભવાયા હતા. ચાઇના અર્થક્વેક નેટવર્ક સેન્ટર (ઝઈદ્રઝ) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ૧૪ કિલોમીટરની ઊંડાઈએ હતું. આ વિસ્તાર વિશાળ તિબેટીયન ઉચ્ચપ્રદેશનો ભાગ છે જેની સરેરાશ ઊંચાઈ ૧૩ હજારથી ૧૫ હજાર ફૂટ છે.ચીનના તિબેટ સ્વાયત્ત ક્ષેત્રના શિગાત્સેના ડિંગરી કાઉન્ટીમાં આવેલા ભૂકંપમાં ઓછામાં ઓછા ૧૨૬ લોકો માર્યા ગયા અને ૧૮૮ લોકો ઘાયલ થયા. મંગળવારે ચીનમાં ૬.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. બુધવાર સુધીમાં, ભારત-તિબેટ-નેપાળ સરહદ નજીક આવેલા શિગાત્સે શહેરના ડિંગરી કાઉન્ટીમાં ૬૪૬ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પ્રાદેશિક કટોકટી વ્યવસ્થાપન વિભાગના વડા હોંગ લીએ સત્તાવાર મીડિયાને જણાવ્યું હતું કે સૌથી મજબૂત આંચકો ૪.૪ ની તીવ્રતાનો હતો અને તે ભૂકંપના કેન્દ્રથી લગભગ ૧૮ કિમી દૂર હતો.નેપાળના ભૂકંપ દેખરેખ કેન્દ્રે પણ બુધવારે સેંકડો ભૂકંપના આંચકાની પુષ્ટિ કરી છે. "પરંતુ અમે સત્તાવાર રીતે બધા ભૂકંપ નોંધ્યા નથી કારણ કે તેનું કેન્દ્ર દેશની બહાર છે," કેન્દ્રના વડા લોક વિજય અધિકારીએ જણાવ્યું હતું. જોકે, સવારે ૯:૩૬ વાગ્યે (નેપાળ સમય) આવેલા ભૂકંપની પ્રથમ નોંધ કરવામાં આવી હતી. નેપાળ. ઉત્તરપૂર્વીય નેપાળના ખુમ્બુ ક્ષેત્રના લોબુચે વિસ્તારમાં તેમજ કાઠમંડુ અને પડોશી જિલ્લાઓ સિંધુપાલચોક અને ધાડિંગમાં ભૂકંપની અસર અનુભવાઈ હતી.

### લગભગ ૪ હજાર લોકોની ભીડ એકઠી થઈ હતી

### ટોકનનું વિતરણ કરતી વખતે અકસ્માત થયો. પીએમ મોદી અને મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું

## તિરુપતિમાં ભાગદોડ મચી જતાં સાત શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા

। તિરુપતિ, તા.૯ ।

આંધ્રપ્રદેશના તિરુપતિમાં ભાગદોડમાં સાત શ્રદ્ધાળુઓના મોત થયા છે જ્યારે ૪૦ લોકો ઘાયલ થયા છે.આમાંથી ૪ લોકોની હાલત ગંભીર છે. ઘાયલોને તિરુપતિ શહેરની બે હોસ્પિટલો - રુઈયા હોસ્પિટલ અને એસવીઆઈએમએસ હોસ્પિટલ - માં સારવાર આપવામાં આવી રહી છે.જે સમયે આ ભાગદોડ થઈ, તે સમયે તિરુપતિના વિષ્ણુ નિવાસમ પાસે ટોકન મેળવવા માટે લગભગ ૪ હજાર લોકોની ભીડ એકઠી થઈ હતી. મળતી માહિતી મુજબ, તિરુમાલાના ભગવાન વેંકટેશ્વર સ્વામી મંદિરમાં થયેલી ભાગદોડમાં સાત ભક્તોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. વૈકુંઠ દ્વાર દર્શનમની ટિકિટ મેળવવા માટે સેંકડો લોકો દોડધામ કરી રહ્યા હતા ત્યારે નાસભાગ મચી ગઈ. ૧૦ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલા ૧૦ દિવસીય વૈકુંઠ દ્વાર દર્શન માટે દેશભરમાંથી



સેંકડો ભક્તો અહીં આવ્યા છે.આ દરમિયાન, પોલીસનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં કેટલીક મહિલા શ્રદ્ધાળુઓને સીપીઆર આપવામાં આવી રહ્યો છે અને ઘાયલોને એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવી રહ્યા છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ તિરુપતિમાં થયેલી ભાગદોડની ઘટનામાં સાત શ્રદ્ધાળુઓના મોત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે અધિકારીઓને ઘટનાની તપાસ કરવા અને ઘાયલોને સારી સારવાર આપવા જણાવ્યું છે. તમને જણાવી દઈએ કે આ અકસ્માત ત્યારે થયો જ્યારે બૈરાગી પટ્ટીડા પાર્કમાં શ્રદ્ધાળુઓને કતારમાં ઉભા રહેવાની મંજૂરી આપવામાં આવી હતી. નાસભાગ મચી જતા અહીં લોકો એક બીજાને ધક્કા મારીને બચવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં જ્યારે કેટલાક તો નીચે પડી ગયા હતાં રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વાયએસઆરસીપીના પ્રમુખ વાયએસ જગન મોહન રેડ્ડીએ પણ તિરુપતિમાં ભાગદોડમાં શ્રદ્ધાળુઓના મોત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે ઘાયલ ભક્તોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી છે.લોકસભાના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ટ્વિટર પર પોસ્ટ કર્યું.

## જૂનાગઢમાં પીજીવીસીએલનાં કર્મચારીનું વીજશોક લાગતા થયું મોત

। જૂનાગઢ, તા.૯ ।

જૂનાગઢમાં પીજીવીસીએલના કર્મચારીનું ચાલુ ફરજે મોત નિપજ્યું છે. વીજ પોલ પર ચડેલા કર્મીને વીજશોક લાગતા મોત થયું છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે.જૂનાગઢ જીલ્લાના વિસાવદરમાં આજે દુર્ઘટના ઘટી છે. મળતી માહિતી અનુસાર વિસાવદરના ચાપરડા ગામે પીજીવીસીએલમાં ફરજ બજાવતાં કર્મચારી વીજ ફોલ્ટ રિપેર કરવા થાંભલા પર ચડ્યા હતા. સાથી કર્મચારીઓની બેદરકારીના કારણે કર્મીનું મોત નિપજ્યું હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. મૃતક રિપેર કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક વીજ પુરવઠો શરૂ થઈ જતા ઘટના બની હતી. યુવક નરેશ મછારના અચાનક મોતથી પરિવાર આઘાતમાં સરી પડ્યો છે.

### રાજ્યમાં દિવસેને દિવસે ઠંડીમાં વધારો થઇ રહ્યો છે

# ગુજરાતમાં સિઝનનું સૌથી નીચું તાપમાન, શહેરોમાં કાતિલ ઠંડી, હવામાનની ફરી કંપાવતી આગાહી

### ઉત્તર પૂર્વ-પૂર્વના પવન ફૂંકાયા હોવાના કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો

। માહિતી બ્યુરો, અમદાવાદ, તા.૯ ।

રાજ્યમાં દિવસેને દિવસે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં ઠંડીને લઈ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી. જેમાં હજી આવી જ ઠંડી રહેવાની શક્યતા હોવાનું વિભાગે જણાવ્યું છે.આ અંગે હવામાન વિભાગના ડાયરેક્ટર ડો.એ કે દાસના જણાવ્યા મુજબ રાજ્યમાં સિઝનનું સૌથી ઓછું તાપમાન નોંધાયું છે. જેમાં નલિયામાં સિઝનનું સૌથી ઓછું ૩.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જોકે આ તાપમાન ઘટવાની શક્યતા હોવાનું તેઓએ જણાવ્યું હતું. ત્યારે બીજી તરફ ઉત્તર પૂર્વ-પૂર્વના પવન ફૂંકાયા હોવાના કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો. જોકે



આ ઘટાડો ૨૪ કલાક યથાવત રહી શકે તેમ લાગી રહ્યું છે. આ સિવાય રાજ્યનાં ચાર મહાનગરોમાં પણ ઠંડીનું જોર યથાવત્ રહ્યું હતું. જેમાં અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૨.૧ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. વડોદરામાં ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ તો રાજકોટમાં આ સિઝનનો સૌથી ઓછું ૭.૩ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૫.૫ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં ઠંડી ચમકારો જોવા મળ્યો છે, જેના પગલે ઠેરઠેર તાપણાં પેટાવી લોકોએ ઠંડી સામે હૂંફ મેળવી હતી.

સાધનસંપન્ન ઘરોમાં હીટર ચાલુ રહ્યાં હતાં, જોકે ઠંડીના પ્રકોપથી સ્વાસ્થ્યપ્રેમી એવા મોર્નિંગ વોકર્સ ગેલમાં આવી ગયા છે. મોર્નિંગ વોકર્સ તેમની રોજિંદી વોકિંગ પ્રેક્ટિસની સાથે આરોગ્યપ્રદ પીણાંની જ્યાફત માણી રહ્યા છે.

રાજ્યમાં દિવસેને દિવસે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં ઠંડીને લઈ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી. જેમાં હજી આવી જ ઠંડી રહેવાની શક્યતા હોવાનું વિભાગે જણાવ્યું છે.આ અંગે હવામાન વિભાગના ડાયરેક્ટર ડો.એ કે દાસના જણાવ્યા મુજબ રાજ્યમાં સિઝનનું સૌથી ઓછું તાપમાન નોંધાયું છે.

**દોષિત સાબિત થતાં આજીવન પ્રતિ માસ ૫૦૦૦ રૂપિયા પેન્શન કાપની સજા**

### વડોદરા શહેરમાં ગત વર્ષે ચકચાર મચાવતી હરણી તળાવ બોટ દુર્ઘટનામાં ૧૨ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકે જીવ ગુમાવ્યો હતો

# હરણી તળાવ બોટ દુર્ઘટનામાં ફરિયાદી દોષિત ઠર્યા, પેન્શન કાપની સજા

। પ્રતિનિધિ, વડોદરા,તા.૯ ।

વડોદરા શહેરમાં ગત વર્ષે ચકચાર મચાવતી હરણી તળાવ બોટ દુર્ઘટનામાં ૧૨ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકે જીવ ગુમાવ્યો હતો. ત્યારબાદ મુખ્યમંત્રીના આદેશ બાદ પીડિતોને ન્યાય અપાવવા સઘન તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી હતી. ત્યારે આ તપાસમાં મોટા ખુલાસા થયા છે. ફરિયાદ કરનાર જ દોષિત સાબિત થતાં આજીવન પ્રતિ માસ ૫૦૦૦ રૂપિયા પેન્શન કાપની સજા ફટકારી છે.નોંધનીય છે કે વડોદરા હરણી તળાવ દુર્ઘટનામાં કુલ ૧૯ લોકો સામે ગુનો નોંધાયો હતો. મુખ્ય કોન્ટ્રાક્ટર અને દુર્ઘટના સાથે સંકળાયેલા અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે હજુ ૬ આરોપીઓ ફરાર હતા. દુર્ઘટનામાં એફએસએલ રિપોર્ટમાં સામે આવ્યું કે લેક ઝોનના સંચાલકોની ગંભીર બેદરકારીના પગલે આ દુર્ઘટના બનવા પામી. એફએસએલ રિપોર્ટ થયેલા ખુલાસા મુજબ હરણી તળાવમાં બોટિંગ એક્ટિવિટી સમયે એક બોટમાં ક્ષમતા કરતાં વધુ બાળકો બેસાડવામાં આવ્યા હતા. બોટિંગ એક્ટિવિટીના નિયમ મુજબ બોટમાં આગળના ભાગમાં કોઈ બાળકને નથી બેસાડવામાં આવતું. તેમજ બોટ પર સવાર તમામ લોકોને ફરજિયાત લાઈફ જેકેટ પહેરવાના હોય છે.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya